॥ શ્રી હરિ ॥
વસુદેવસુતં દેવં કંસચાણૂરમર્દનમ્.
દેવકીપરમાનન્દં કૃષ્ણં વંદે જગદ્ગુરુમ્.

॥ गीता पढ़ें, पढ़ायें, जीवन में लायें ॥

# ॥ શ્રીમદ્ભગવદ્ગીતા વિવેચન સારાંશ ॥

**પ્રકરણ 17: શ્રદ્ધાત્રય-વિભાગ યોગ**

3/3 (શ્લોક 20-28), રવિવાર, 23 માર્ચ 2025

**વિવેચન: ગીતા વિશારદ ડૉ. આશુ ગોયલજી**

યુ ટ્યુબ લિંક: https://youtu.be/-h5RmMm2AvM

## યજ્ઞ, દાન અને તપ

ભગવાનની અત્યંત મંગલમય કૃપાથી આપણે બધાને એવું ભાગ્ય પ્રાપ્ત થયું છે કે જેમાં લોકો પોતાના જીવનને સાર્થક બનાવવા માટે, એને સફળ બનાવવા માટે, આ જીવનને પરમ લક્ષ્ય સુધી પહોંચાડવા માટે, અને આ જીવન પછીના પરલૌકિક જીવનના ઉદ્ધાર માટે તથા આ માનવ જન્મને સર્વોચ્ચ લક્ષ્ય સુધી પહોંચાડવા માટે, ભગવદ્ગીતામાં પ્રવૃત્ત થઇ ગયા છે. આ આપણા આ જન્મના પુણ્ય કર્મોનું પરિણામ છે, કોઇ પૂર્વજન્મના સુકૃતનું પરિણામ છે, કે આપણા પૂર્વજોની કોઈ ફળશ્રુતિ છે, કે પછી કોઈ જન્મમાં કોઈ સંત મહાપુરુષની કૃપાદૃષ્ટિ આપણા ઉપર પડી હશે જેના પરિણામે આપણું મન ભગવદ્ગીતામાં લાગી ગયું. આપણે પસંદ કરાયા છીએ ભગવદ્ગીતા વાંચવા માટે. આ સંસારમાં ભાગવદ્ગીતાના સમાન બીજા કોઈ પણ કલ્યાણકારી અને ઉપયોગી ગ્રંથ નથી. પરમ પૂજ્ય શ્યામાનંદજી મહારાજે કહ્યું છે કે, "**સમસ્ત શાસ્ત્રોના અધ્યયન પછી હું નિષ્કર્ષ પર આવ્યો છું કે, ભગવદ્ગીતા જેટલો મનુષ્યના કલ્યાણ માટે બીજો કોઈ ગ્રંથ નથી.**"

આજે આપણે શ્રદ્ધાત્રય વિભાગ યોગ – આ સંપૂર્ણ અધ્યાયનું ચિંતન બે અઠવાડિયાથી જોઇ રહ્યા છીએ. પાછલી વાર આપણે જોયું હતું – "**મન: પ્રસાદ**" – એટલે કે મનને હંમેશા પ્રસન્ન રાખવું. ભગવાને એને મનનો તપ કહેવામાં આવ્યો છે. આ કેવી રીતે શક્ય બને? કેટલાં પ્રકારથી થઇ શકે? તે આપણે પાછલાં વખતે ઊંડાણમાં જોયું હતું. પછી આપણે જોયું કે, પોતાની વાણી કેવી હોવી જોઈએ? પોતાનું શરીર કેવું હોવું જોઈએ? એનું પણ આપણે થોડું ચિંતન કર્યું હતું. સાત્વિક, રાજસ અને તામસ – આ ત્રણે પ્રકારના તપને આપણે શારીરિક, વાચિક અને માનસિક રૂપે ભગવાન દ્વારા વર્ણિત ૧૯મા શ્લોક સુધી જોઈ લીધા છે. પછીના શ્લોકમાં ભગવાન દાનની વાત શરૂ કરે છે.

આપણા અહીં "ધર્મશતક" નામનો એક સુંદર ગ્રંથ છે. તેમા કહેવામાં આવ્યું છે કે – ચાર યુગ છે: સતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કલિયુગ.
ગોસ્વામી તુલસીદાસજીએ લખ્યું છે:

**प्रगट चारि पद धर्म के कलि महुँ एक प्रधान ।**
**जेन केन बिधि दीन्हें दान करइ कल्यान ॥**

ગોસ્વામીજી કહે છે કે ધર્મના ચાર પદ છે. એ ચાર પદ કયા કયા છે? ભાગવતમાં આ ચાર પદોનું વર્ણન આવ્યું છે: સત્યમ્, દયા, તપઃ, દાનમ્ – અર્થાત્: **સત્ય, દયા, તપ અને દાન – આ ચાર ધર્મના પગ માનવામાં આવે છે.**

**સતયુગ**માં ચારેય પગ હાજર હોય છે. એ યુગમાં માનવો કઠિન તપ કરે છે, સત્યનું સંપૂર્ણ પાલન થાય છે, દયાનું સમર્પણ પણ વધુ હોય છે અને દાન પણ પુરુષાર્થ માનવામાં આવે છે.
**ત્રેતાયુગ**માં સત્યનો ઘટાડો થાય છે, પણ બાકી ત્રણ પગ – દયા, તપ અને દાન બચી રહે છે. પછી
**દ્વાપરયુગ**માં સત્ય અને દયા બંને નષ્ટ થાય છે, અતઃ તપ અને દાન બચી રહે છે. અને
**કલિયુગ**માં તપ પણ નષ્ટ થાય છે. હવે માત્ર એક પગ બચે છે – અને એ છે "દાન".
મનુસ્મૃતિમાં પણ કહ્યું છે: "**દાને એકમ્ કલિયુગે**" અર્થાત્: કલિયુગમાં માત્ર દાન જ એકમાત્ર ધર્મનો પગ રહ્યો છે. ધર્મશતકના ચતુરામાં આજે આપણે "દાન 25" જોઈશું – અર્થાત્ દાનના 25 પ્રકાર કયા છે તે જોઈશું.

૧. **અર્થ દાન** – આ દાન સૌથી સામાન્ય દાન છે. સુવર્ણ હોય, કે રૂપિયા હોય, જે પણ મૂલ્યવાન વસ્તુ રૂપે આપવામાં આવે, એ અર્થ દાન કહેવાય છે.

૨. **ભૂમિ દાન** – એની તો વિશાળ મહિમા વર્ણવવામાં આવી છે. મંદિર બનાવવા માટે, વિદ્યાલય સ્થાપવા માટે, હોસ્પિટલ માટે, કોઈ સંસ્થા કે સંઘના કલ્યાણના કાર્ય માટે, વેદોના સંરક્ષણ કે પ્રસાર માટે અથવા ભગવદ્ગીતાના કામ માટે જ્યારે ભૂમિનું દાન કરવામાં આવે, ત્યારે એ દાન અત્યંત મહત્ત્વનું ગણાય છે અને તેને "**ભૂમિ દાન**" કહેવાય છે.

૩. **અન્નદાન** – અન્નદાનને મહાદાન કહેવામાં આવ્યું છે. એના વિષે એવું માનવામાં આવે છે કે એ ખૂબ જ મહાન આત્માનું કાર્ય છે. અન્નદાનની વિશિષ્ટતા એ છે કે તેમાં પાત્રતાનો વિચાર કરવાનો નથી પડતો. બાકીના બધા દાનમાં દાતા દ્વારા સુપાત્રનો વિચાર જરૂરી ગણાયો છે, પણ **અન્નદાન એ આવો છે કે જેમાં દેશ, કાળ કે પાત્રના વિચાર વગર આપવાનું હોય છે**. જેમ ભગવાને ૨૦મા શ્લોકમાં કહ્યું છે કે દાન કરવું હોય ત્યારે દેશ, કાળ અને પાત્રનું ધ્યાન રાખવું જોઈએ, તેમ છતાં અન્નદાન માટે એવો કોઈ નિયમ નથી. ભૂખ્યા માણસને ભોજન આપવું – એનો મૂલ્ય જોવું જોઈએ નહીં કે એ માણસ સારો છે, કે નમ્ર છે કે નહિ; એ ગુનેગાર હોય, ગુન્ડો હોય કે અનેક ખરાબીઓ ધરાવતો હોય તો પણ જો એ ભૂખ્યો છે તો તેને રોટલી આપવી જોઈએ. ભૂખ્યા માણસને ભોજન આપવું એમાં કોઇ વિચાર કરવાની જરૂર નથી. કારણકે ભૂખ એ જાતે જ પાત્રતા છે.

૪. **ઔષધિ દાન** – અન્ન અને ઔષધી – આ બે દાન એવા છે જેમાં પાત્રતાનું વિધાન નહિ કરવાનું.

૫. **વસ્ત્ર દાન** – અમાવાસ્યા, એકાદશી કે અન્ય પર્વોના દિવસોમાં બ્રાહ્મણોને કે ગરીબોને વસ્ત્રો આપવાનું પુણ્યમાન કાર્ય ગણાય છે. ઠંડીના દિવસોમાં ધાબળા આપવાનું, કાપડ આપવાનું, જેની પાસે પૂરતા વસ્ત્ર ન હોય એવા વ્યક્તિઓને કપડાં આપવાનું, વગેરે આ બધું વસ્ત્ર દાનમાં આવે છે.

૬. **પ્રાણ દાન** – આ દાન સામાન્ય લોકો માટે શક્ય નથી, પરંતુ રાજાઓ કે શૂરવીરો માટે શક્ય હોય છે. જેમ કે કોઈકે ભયંકર ગુનો કર્યો હોય અને તેને મૃત્યુદંડ મળ્યો હોય, અને કોઇ એને પોતાની તરફથી જીવદાન આપે તો તે પ્રાણ દાન કહેવાય છે.

૭. **યશ દાન** – કોઇ કાર્ય પોતે કર્યું હોય પણ એનું યશ બીજાને આપી દેવુ. આ પણ એક મહાન દાન છે.

૮. **પ્રસન્નતાનું દાન** – જેના સાથે પણ મળો, હસીને મળો. જ્યારે કોઈના સામેથી આવો ત્યારે હસીને અવકારો. કોઈ વ્યક્તિને હસીને મળશો તો તે આપમેળે હસી પડે છે, એના ચહેરા પરના ભાવી આપમેળે બદલાઈ જાય છે. થોડા ક્ષણ માટે પણ તે પોતાની મુંઝવણમાંથી બહાર આવી જાય છે. **કોઈ વ્યક્તિ દુઃખી હોય, પરેશાન હોય, તણાવમાં હોય અને કોઈ હસીને તેને મળીને, થોડી હકારાત્મક વાતો કરી દે તો એ માણસ માટે એ એક મોટું દાન છે.** એ માટે કોઇ પૈસા લાગતા નથી, કોઇ મહેનત લાગતી નથી, કે સમય પણ વધારે લાગતો નથી. બસ, જ્યારે કોઈ સાથે મળો ત્યારે હસીને મળો. જ્યારે કોઈના સાથે બેસો, ત્યારે પ્રસન્ન વાતો કરો – દુઃખદ વાતો નહીં, નકારાત્મક ચર્ચા નહીં – પણ સકારાત્મક વાતો.

**"મન: પ્રસાદ" પોતાનું મન પ્રસન્ન રાખવું, અને પ્રસન્ન ચહેરાથી બીજાને પણ હકાર આપવો એ જ વ્યક્તિનું માનસિક દાન બને છે.** જ્યારે આપણે બીજાની પાસે બેસીએ ત્યારે સુંદર ચર્ચાઓ કરીએ, સારા વિચારો શેર કરીએ. સામેનો વ્યક્તિ નકારાત્મક વાતો કરે તો પણ એને ટાળવું, એની વાતો શાંતિથી સાંભળવી, અને પછી તેને મધુર અને આશાવાદી વાતો કહી

દેવી – "કોઇ વાત નથી, બધું સારું થશે, ચિંતિત ન થાવ, ભગવાન બધું સારું કરશે." માત્ર આટલું કહી દેવું – તો પણ સામેના વ્યક્તિને કેટલું મોટું શાંતિનું દાન મળી જાય છે. અરે, આપણે તમારી માટે પ્રાર્થના કરીશું, ભગવાન બધું સારું કરશે, ચિંતા ન કરો – જો સામેના વ્યક્તિને ઘણું મોટું દુઃખ પણ હોય, તો આવું કહેતા જ એના મનને કેટલું શાંત કરતું હશે? પ્રસન્નતાનું દાન આપો.

૯. **પોતાના અધિકારનું દાન** – આ મારો અધિકાર છે, ક્યાંક આગળ રહેવાનો, કોઈ કાર્યમાં આગળ વધવાનો, પણ જો હું પોતે પાછળ રહીને બીજાને એ સ્થાન આપી દઉં, તો એ અધિકારનું દાન કહેવાય છે. "**ડોનેટ યોર રાઇટ્સ**" – આ વાત સાંભળવામાં સરળ લાગે છે પણ ખરેખર એ ઘણી જ કઠિન છે. આખો સંઘર્ષ અધિકારનો છે. આપણે આખું જીવન પોતાના અધિકાર માટે જ ઝઘડતા જઈએ છીએ. પણ અહીં તો એના વિરુદ્ધ છે – પોતાના અધિકાર માટે નહીં, પણ એને ત્યાગવા માટે. જેમ કે ઘરમાં સૌથી મોટું સ્થાન છે તો કહીએ કે મને પહેલાં ભોજન મળવું જોઈએ, પણ નહીં – આજે બધા બાળકો પહેલાં ખાય એવુ નક્કી કરીએ. નાની નાની વાતો છે, મોટું કશું કરવું નથી પડતું. **જ્યાં જ્યાં પણ મારો અધિકાર હોય, તેને છોડવાની શરૂઆત કરીએ. બીજાને એ અધિકાર આપવાનું શરૂ કરીએ. એવા ત્યાગનું સુખ અપરંપાર છે.** આથી જીવન અત્યંત શ્રેષ્ઠ બની જાય છે. પરિવારનાં સંબંધો બહુ મધુર બને છે. પરસ્પર પ્રેમ એટલો વધી જાય છે કે એ બધું જોઈને હર્ષ થાય. અને ખરેખર, આપણાં ઘરના બધાં ઝઘડાનું મૂળ કારણ એ અધિકારનો સંઘર્ષ જ છે. "તારે એવું કરવું જોઈએ", "તારે આવું બોલવું જોઇએ", "આ મારો અધિકાર છે", બીજો કહે છે કે, "આ મારો અધિકાર છે" – આ રીતે દરેક પોતાનો અધિકાર જ કહે છે અને આખો સંઘર્ષ ચાલુ રહે છે. પણ તમે કહો કે ભાઈ, બધું તારું છે, મારું તો કંઈ નથી, હું તો તારા પાછળ રહીશ, તું ચિંતા ન કર – તો જુઓ પછી કેવું સુંદર વાતાવરણ ઘરમાં બને છે. એજ ઘર પછી સ્વર્ગ બની જાય છે.

આપણે વિચારીયે કે મૃત્યુ પછી પણ જો કશું ઉત્તમ પ્રાપ્ત થવાનું હોય, તો એમાંથી વધુ સારું તો એજ મળે કે, જે આ જ જીવનમાં મળે એ ઘર સ્વર્ગ સમાન બની જાય. **પોતાના અધિકારોનો ત્યાગ એ સ્વર્ગ બનાવવાનું મોટું સાધન છે.** પ્રજ્ઞા ચક્ષુ સ્વામી શરણાનંદજી મહારાજ જેમને જન્મથી જ દ્રષ્ટિ ન હતી તેમ છતાં આ શતાબ્દીના શ્રેષ્ઠ વિચારોમાં તેમનું નામ આવે છે. તેઓ વિશ્વના સર્વોચ્ચ તત્વદર્શીઓમાં ગણાય છે. તેમનો એક ખૂબ જ સુંદર સૂત્ર છે. તેમણે કહ્યું છે, **જો તમારે જીવનમાં હંમેશા પ્રેમ જોઇતો હોય, સૌથી સુંદર પરિવાર જોઇતો હોય, અને સૌથી નજીકના સંબંધો જોઇતા હોય તો માત્ર એક સૂત્ર અપનાવો, બીજાના અધિકારની રક્ષા કરો અને પોતાના અધિકારનો ત્યાગ કરો.** જો આ એક વાત જીવનમાં ઉતારી લો, તો તમારું પરિવાર કેવી રીતે સુંદર બની જશે અને સંબંધો કેટલી મીઠાશથી ભરાઈ જશે.

૧૦. **જ્ઞાનનું દાન** –.આપણાં ભગવદ્ગીતા ક્ષેત્રે જુઓ તો કેટલાંયે ૧૨,૦૦૦થી વધુ નિષ્કામ સેવાર્થીઓ છે. તમારા ટ્રેનર તમને શીખવે છે, ટેક્નિકલ સહાયક તમારી સ્લાઈડ બદલાવે છે, ગ્રુપ કોઓર્ડિનેટર તમારા ગ્રુપનું સંચાલન કરે છે – અને આ બધું ૧૩૬ વિભાગોમાં કેટલાયે નિમિષો પાછળ બેઠેલા કાર્યકર્તાઓ શાંતપણે નિષ્કામ સેવા આપે છે. આ બધું જ્ઞાનનું દાન છે, જે તેઓ કોઈ પણ અપેક્ષા વિના આપે છે. તમે ક્યારેય અનુભવ્યું છે કે કોઈ ટ્રેનરએ કદી તમારું આભારની અપેક્ષા રાખી હોય? તમે કહો તો પણ તેઓ કહી નાખે – "અમે તો ભગવાન માટે કામ કરીએ છીએ, ગીતા માતા માટે સેવા કરીએ છીએ." આ છે ખરું જ્ઞાન દાન – સંપૂર્ણ નિષ્કામ. આપણે એવું સમજીએ કે – આપણને તો મળી ગઈ સેવા, એ આપણા ભાગ્યનું પરિણામ છે. આપણે એમાં શું ખાસ કર્યું? આપણે તો માત્ર જોડાઇ ગયા, અને આ મળતું ગયું. તમે જો "થેંક યુ" પણ કહો તો તેઓ સ્વીકાર પણ નહિ કરે. આ છે સાચું જ્ઞાન દાન – જે મને મળ્યું છે, એ હું આગળ વહેંચું.

૧૧. **ભક્તિનું દાન** – જીવનમાં જે પણ મળ્યું છે, તેમાં થોડું ભક્તિનું દાન જરૂર હોવું જોઈએ. આપણા પરંપરામાં જયારે કોઇને મળીએ, ત્યારે આપણે "રામ રામ જી" કે "જય શ્રીકૃષ્ણ" કહીએ છીએ. “હેલો”, “હાય” એવું નથી કરતાં. કેમ? કારણ કે જ્યારે તમે “રામ” કહો ત્યારે સામેવાળાને પણ “રામ” કહેવું પડે છે. તમે “જય શ્રીકૃષ્ણ” કહો તો એના પણ જવાબ આપવા માટે તેને કહવું પડે છે. કદાચ તેને આદત ન હોય, પણ તમે વારંવાર કહો તો એક સમયે એ મૌન રહી શકે નહીં – એને કંઈક તો બોલવું પડે છે.
બીજાને પણ સત્સંગમાં જોડો, બીજાને ગીતા સાથે જોડો, ક્યારેય રામાયણ પાઠમાં લઈ જાઓ, મંદિરે જઈ રહ્યા હોવ તો એકલા ન જાઓ – બીજાને પણ કહો “ચાલો મંદિરે જઈએ, આ ભક્તિનું દાન છે.

૧૨. **સંતોષ દાન** – જીવનમાં હવે જે છે તેમાં સંતોષ રાખતા શીખવું. લોકો કહેશે કે તમારા માટે આ લઈ આવ્યા છીએ, તમારા માટે નવો મોબાઈલ લઈ આવ્યા છીએ, નવા કપડાં, સ્વાદિષ્ટ ખોરાક – પણ તમે શાંતિથી કહો કે “**મને જરૂર નથી,**

**હું તો સંતોષમાં રહું છું.**" આ છે – સંતોષનું દાન. આનાથી અનેક લોકોને આનંદ મળે છે, અને પોતાને પણ ખૂબ આનંદ થાય છે.

૧૩. **વિદ્યા દાન** – મેં કશું શીખ્યું હોય, તો એ વિદ્યા બીજાને શીખવવું. જેમ ટેક્નિકલ સહાયકો પોતાની ટેક્નિકલ વિદ્યા બીજાને આપે છે – એ જ વિદ્યા દાન છે.

૧૪. **મંત્ર દાન** – મેં કેટલાક ઉત્તમ મંત્રો શીખ્યા છે – જેમ કે, સૂર્યને જળ અર્પણ કરવાનો મંત્ર, ભગવાનને ભોગ લગાવવાનો મંત્ર, ભોજન પહેલાનો મંત્ર, કે પછી ગીતા માંના મંત્રો – તો હું એ બીજાને શીખવું છું. આ મંત્ર દાન છે.

૧૫. **દીક્ષા દાન** – જે સાચા ગુરુ હોય છે, તેઓ પોતાના શિષ્યને દીક્ષા આપે છે. આ દરેકને માટે નથી. જે સત્ગુરુ હોય છે, તેઓ પોતાની ભક્તિ, સાધના અને માર્ગદર્શનરૂપે દીક્ષા રૂપે દાન આપે છે – આ છે સૌથી ઊંચું દાન.

૧૬. **પુત્ર દાન** – પોતાના પુત્રને સંસારના કલ્યાણ માટે સન્યાસી બનાવી દેવો, કોઈ ગુરુને સમર્પિત કરી દેવો અથવા કોઈ સેવા કાર્યમાં નિમિષે લગાડી દેવો – આ પુત્ર દાન કહેવાય છે.

૧૭. **કન્યા દાન** – જ્યારે પોતાને પુત્રીને લગ્ન વખતે કોઈ બીજા ગોત્રમાં આપીએ છીએ, ત્યારે એ "કન્યાદાન" કહેવાય છે.

૧૮. **મુક્તિ દાન** – જો કોઈએ આપની પાસેથી કાયમ માટે પૈસા ધાર્યા હોય અને એ પાછા ચૂકવી ન શકે, તો આપણે એને કહી દઈએ કે "**ભાઈ, તારો કોઈ કર્જ બાકી નથી, હું તેને માફ કરું છું, હવે આપણું તો કોઈ લેવાદેવા નથી" – આ છે મુક્તિ દાન.** પરમ પૂજ્ય શ્યામાનંદજી મહારાજ કહેતા કે સાધકે ક્યારેય કર્જ ન લેવો જોઈએ, કારણકે જો કર્જમાં મરી ગયા તો આત્માની ગતિ બહુ ખરાબ થાય છે. અને જો કોઈએ આપણાથી કર્જ લીધું છે અને હવે એની પરિસ્થિતિ ચૂકવવા લાયક નથી, તો તેને ઘરે બોલાવીને હાથ પકડીને કહી દેવું – "ભાઈ, તારો કર્જ હું માફ કરું છું. હવે આપણો તારી સાથે પૈસા માટે કોઈ લેવાદેવા નથી." એની આત્મા માટે મરણ સમયે શ્રેષ્ઠ ગતિ બની શકે – આ એક અત્યંત મહાન દાન છે. બેંગલોરના એક કુટુંબમાં એક યુવાન બાળકને કેન્સર થયું. એ યુવાને પોતાની અંતિમ ઇચ્છામાં કહ્યું, એ ખૂબ સુખી અને ધનવાન પરિવારમાંથી છે. એ બાળકે કહ્યું છે કે, "જે કોઈએ પણ જીવનમાં મારી પાસેથી ક્યારેય કાંઈ કર્જ લીધું હોય, એમને બોલાવીને અથવા મારા નામથી પત્ર મોકલો કે મેં તેમનું કર્જ માફ કર્યું છે. મારે એમની પાસેથી કંઇ લેવાનું નથી અને મારે પણ પાછા આ જન્મમાં કાંઈ આપવાનું નથી. મારા ખાતાઓ ક્લિયર છે." આ છે – મુક્તિ દાન.

૧૯. **સત્કાર (સમ્માન)નું દાન** – જે પણ વ્યક્તિ આવે – તેને હૃદયપૂર્વક સન્માન આપો. તેનો ઉજ્વળ રીતે આવકાર કરો. એક સંતના મુખેથી સાંભળેલું કે, **બીજાને સન્માન આપો ત્યારે એના લાયકાત પ્રમાણે નહીં, પરંતુ પોતાની લાયકાત પ્રમાણે આપો.** કારણ કે એ તમારું ચારિત્ર્ય બને છે. આપણે બીજાને કેટલું સન્માન આપી શકીએ છીએ, એ આપણું ઉંચાપણું બતાવે છે. એ બીજાનું મૂલ્ય કે એ કેટલો લાયક છે એનું મૂલ્યાંકન કરવાની જરૂર નથી, પણ આપણે કેટલું આપી શકીએ એનું વિચાર કરવું જોઈએ. જેટલું વધુ આપણે સન્માન આપીશું, તેટલું આપણું જીવન ઊંચું થશે. જે પણ મળે, તેને પ્રશંસા અને સન્માન સાથે મળો. જો એ ઉંમરમાં નાનો હોય, ધનમાં નાનો હોય, પદમાં નાનો હોય – તો પણ તેને સંપૂર્ણ સન્માન આપો.
આ સન્માનનું દાન જીવનને ખૂબ તેજસ્વી બનાવી દે છે. જે આ કરી લે છે, તેનું જીવન એકદમ સોનાની જેમ ચમકી ઉઠે છે. લોકો તેના વખાણ કરવા લાગે છે, યશ વધવા લાગે છે. A આપણે બહુ વાર સન્માન આપવા બદલ કંજુસી કરીએ છીએ. વિચારી લીએ કે "આને કેમ સન્માન આપવું, એ તો લાયક જ નથી!" – એ તદ્દન ઉલ્ટી દૃષ્ટિ છે.
માની લો કે તમારા ઘરમાં દૂધ લાવનારો માણસ આવે છે, તો એને "ભૈયાજી" કહીને સન્માન આપો, પાણી પુછો. જો તમે એનું આદરપૂર્વક સ્વાગત કરશો તો તમારી આખી પોળમાં એ તમારા વખાણ કરશે. પણ જો તમે તેને અવમાનનથી, તિરસ્કારથી, કે થોડી ઉગ્ર ભાષામાં બોલશો, તો એ બધાને કહેશે કે "શર્માજી કેટલાં નિકૃષ્ટ માણસ છે, સીધી રીતે બોલતા પણ નથી." એ તમારા વિશે બધે ખરાબ બોલશે. એટલે જે વ્યક્તિ તમે કરતા પદમાં નાનો છે, શક્તિમાં નાનો છે, ધનમાં નાનો છે, ઉંમરમાં નાનો છે – તેમને સન્માન આપો. તમારું જીવન ચમકાવવાનો આ એક ઉત્તમ માર્ગ છે. એ વ્યક્તિને આનંદ થશે અને તમારું જીવન તેજસ્વી બનશે.

૨૦. **આસન દાન** – જો તમારી સામે કોઈ વ્યક્તિ ઊભો છે અને તમે બેઠા છો, તો એ યોગ્ય નથી. જો સામેથી કોઈ મોટા વ્યક્તિ આવે છે – ઉંમરમાં મોટા હોય, સ્થાનમાં મોટા હોય – અને તમે બેઠા રહો તો એ ઘોર અપમાને રૂપ છે. જો તમે મોટા છો પણ સામેથી નાની વ્યક્તિ ઊભી છે તો પણ કહો – "પહેલા બેસો, બેટા, પછી વાત કરીએ." નાની વ્યક્તિ ઊભી છે એમાં શેની તકલીફ છે? એને બેસાડો. આસન આપવું – એ પણ એક મહાન દાન છે. આવું નહિ વિચારો કે "હું મોટો છું તો મારા સામે બધા ઊભા રહે", કે "જ્યાં જઇશ ત્યાં મને બેસાડવું જોઈએ", કે "હું બેઠો રહું અને બધા મને બેઠાડે" – આ વિચાર નથી કરવાનો. દાન લેવાનું નહિ વિચારવું, દાન આપવાનું વિચારવું છે. નહીંતર આપણે દરેક બાબતમાં પ્રથમ લાઇનમાં ઉભા રહીશું, કઈ રીતે મળે એ જોતા રહીશું. જે દિવસે વિવેચનમાં જણાવાયું હતું કે "હું તો મોટો છું, જ્યાં જઈશ ત્યાં બધા ઊભા થવું જોઈએ", એ સંપૂર્ણ ઉલટું દૃષ્ટિકોણ છે. આપણે લેવાનું નથી, આપવાનું છે.

૨૧. **પ્રિય વસ્તુનું દાન** – કોઈ વ્યક્તિને શું વસ્તુ સૌથી વધુ ભાવે છે તે જાણી ને તે વ્યક્તિને એ વસ્તુ આપવી એ પ્રિય દાન કહેવાય. પરિવારજનો, મિત્રો કે પડોશીઓ – જેમને જે સૌથી વધુ ભાવે, તેને એ આપી દઈએ એ પ્રિય દાન છે.

૨૨. **શ્રેય દાન** – બીજાના કલ્યાણ માટે શું શ્રેયસ્કર છે એનું વિચાર કરીને તે વસ્તુ આપવી – જેમ કે કોઈને ગીતા આપવી, માળા આપવી, તિલક આપવો કે સહસ્રનામની પોતી આપવી – એ બધું શ્રેય દાનમાં આવે છે.

૨૩. **સુખ દાન** – બીજાને શું કામથી સુખ મળે એ વિચારવું અને તે સુખદ વસ્તુ આપવી એ સુખ દાન છે. પછી આવે છે – બ્રહ્મ દાન, જે માત્ર સત્ગુરુ આપી શકે છે. શ્રીરામજી કહે છે –
"**મમ દર્શન ફળ પરમ અનુપ, જીવ પાય નિજ સહજ સ્વરૂપ**",
એટલે કે મારા દર્શનથી જ જીવ પોતાનું સ્વરૂપ પ્રાપ્ત કરે છે.

૨૪. **બ્રહ્મ દાન** – આ દાન માત્ર સદ્ગુરુ જ આપી શકે છે.

૨૫. **અંત સમય દાન** – જેને શેઠજીએ "**સેવા**" કહી છે. જો કોઈ વ્યક્તિ જીવનના અંતિમ ક્ષણોમાં છે, તો તેના નજીક જઈને ભગવાનનું નામ સંભળાવવું. જીવનના અંત સમયે જેટલો વધુ સમય મળી શકે તેટલો સમય તેની પાસે બેસીને ભગવાનનું સ્મરણ કરાવવું – ગીતાજી સંભળાવવા, રામાયણ વાંચવું, ભજન કરવું – જે શક્ય હોય એ બધું કરવું કે જેથી તેની અંતિમ ઘડીઓમાં મન ભગવાનમાં લાગી જાય – આ પરમ દાન છે.

આ રીતે આપણે જીવનમાં 25 પ્રકારના દાન કરી શકીએ છીએ.

**17.20**

## દાતવ્યમિતિ યદ્દાનં(ન્), દીયતેऽનુપકારિણે।
## દેશે કાલે ચ પાત્રે ચ, તદ્દાનં(મ્) સાત્ત્વિકં(મ્) સ્મૃતમ્॥૧૭.૨૦॥

દાન આપવું એ જ કર્તવ્ય છે' એવા ભાવથી જે દાન યોગ્ય દેશ, યોગ્ય કાળ અને યોગ્ય પાત્ર પ્રાપ્ત થતાં, પોતાના પર જેણે ઉપકાર નથી કર્યો, એવા માણસને પ્રત્યુપકારની અપેક્ષા ન રાખતાં, નિઃસ્વાર્થભાવે જે આપવામાં આવે છે, તે દાન સાત્ત્વિક કહેવાયું છે.

ભગવાન કહે છે, "અર્જુન, જે દાન છે ને, એ પણ ત્રણ પ્રકારના હોય છે.

સાત્વિક દાન એ છે જે દાન કરવું કર્તવ્ય છે એવું માને. દેશ, કાળ અને પાત્રનું વિચાર કરીને, જે દાન ઉપકાર ન કરનારને પણ કરવામાં આવે અને તેનો બદલામાં પણ કંઈ ઇચ્છાતો નથી – એ દાન '**સાત્વિક**' કહેવાય છે.

ભગવાને કહ્યું કે "**દાતવ્યમ્**" – એટલે કે આપવું જોઈએ – સાત્વિક દાનનો પહેલો ગુણ એ છે કે 'આપવું મારુ કર્તવ્ય છે' – આવી ભાવનાથી આપવું જોઈએ. આ મારી પસંદગી નથી, કે હું ઉદાર છું, કે હું બીજાઓ પર ઉપકાર કરું છું – એવું નથી. **જો**

**એવું વિચારશો કે "હું બીજાના ભલા માટે આપું છું", તો તમારું દાન રાજસ બની જશે.** ભગવાને આપણને વધુ આપવા માટે બેસાડ્યાં છે, આપણને વધુ આપ્યું છે એટલે કે જેમના પાસે ઓછું છે એમને તેમની જરૂરિયાત મુજબ વહેંચો એ આપણી ફરજ છે. 'દાતવ્યમ્' – આપવું જોઈએ – આ ફરજ છે. જો નહિ આપું, તો એ ચોરી જેવું કહેવાય.
બૃહસ્પતિની નીતિમાં લખ્યું છે કે વૈષ્ણવને પોતાના આવકના દશમાંશનું દાન કરવું જોઈએ. જો તમારી વર્ષની આવક એક લાખ રૂપિયા છે તો દસ હજાર દાન કરો. જો બે લાખ છે તો વીસ હજાર દાન કરો. આવક પચાસ લાખ છે તો પાંચ લાખ દાન કરો. જો પાંચ કરોડ છે તો પચાસ લાખ દાન કરો. આવક એકસો કરોડ છે તો દસ કરોડ દાન કરો. દશમાંશ દાન કરો. અને ધ્યાનમાં રાખો કે આપના સગાં-સંબંધીઓની મદદ અલગ છે, તે દાન નહીં ગણાય. શુક્રની નીતિ પ્રમાણે કમાણીનો વીસ ટકા દાન કરવા માટે કહેવામાં આવ્યું છે – એટલે કે કમાણીનો બીજો ભાગ બીજાના કલ્યાણ માટે વિતરણ કરવા માટે કહેવાયું છે.

ભગવાને અહીં મહત્વપૂર્ણ વાત કહી છે – આપવાનો ધ્યેય શું હોવો જોઈએ? **આપવું જોઈએ – એ ભાવના હોવી જોઈએ**. અને 'અનુપકારણે' – એટલે કે **"મને બદલે કશું મળશે" – એવી અપેક્ષા ન હોવી જોઈએ.** ઘણાં લોકો વિવેચનમાં પ્રશ્ન કરે છે, "અમે એમના માટે એટલું બધું કર્યું, અને એમણે બદલામાં આપણાં માટે શું કર્યું?" – જેમ આવા વિચારો આવે, તમારું દાન સાત્વિક રહેતું નથી. એ પછી રાજસ કે તામસ બની જાય છે. જેમ "મારા દાન બદલ સામેના વ્યક્તિએ શું કર્યું?" – એવો વિચાર આવ્યો કે તમારું દાન હવે સાત્વિક નથી રહ્યું. મારું આપવું એ મારું કર્તવ્ય હતું, મેં આપી દીધું – હવે એ વ્યક્તિએ મને પાછળથી જોયું કે નહિ, કંઈ કહ્યું કે નહિ, એણે "ધન્યવાદ" આપ્યો કે નહિ – એ બધું મને કોઈ ફરક નથી પાડતો. "મારે આપવું છે, એ આપવું છે – સામે શું મળ્યું કે શું કહે છે, એની મને ચિંતા નથી" – આ છે સાચું સાત્વિક દાન.

"**પ્રતિપકારેણ**" – એટલે કે "મને બદલામાં કંઈ જોઈએ નહીં, એ એક થૅન્ક યૂ પણ નહીં" – એ ભાવનાથી આપવું એ જ છે સાત્વિક દાન. "મેં એની એટલી મદદ કરી, હવે એ પણ મારા કામ આવશે" – જો આવું વિચાર્યું, તો એ દાન સાત્વિક ન રહ્યું.
"**દેશે કાલે ચ પાત્રે ચ**" ભગવાને કહ્યું – દાન કરતી વખતે ત્રણ વાત વિચારવી જોઈએ: દેશ – કે કયા સ્થળે આપવું છે, કાળ – કે કયા સમયે આપવું છે, અને પાત્ર – એટલે કે કોને આપવું છે. જેમ કે કોરોના કાળમાં, જ્યારે લોકો રસ્તા પર ઊભા રહીને પૂરી-ભાજી વહેંચતા હતા – ત્યારે એ સમય માટે એ શ્રેષ્ઠ દાન હતું, કારણ કે એ સમયે એ લોકો માટે સૌથી વધુ જરૂરિયાત હતી. એ જ રીતે જો તમે તીર્થસ્થળે ગયા છો, કુંભમાં ગયા છો અને ત્યાં દાન કરો છો, તો એ પણ "દેશ" અનુસાર દાન કહેવાય છે.

"**પાત્રે**" – એટલે કે જે સુપાત્ર હોય, જે એ દાનનો યોગ્ય રીતે ઉપયોગ કરે, જેને ખરેખર જરૂર હોય, અને જેને ધર્મશાસ્ત્રમાં દાન માટે યોગ્ય માનવામાં આવ્યો હોય – તેને આપેલું દાન સાત્વિક ગણાય છે.
ભગવાને જે કહ્યું "દેશે કાલે ચ પાત્રે ચ તદ્દાનં સાત્ત્વિકં સ્મૃતમ્" – એટલે કે જે દાન એ ત્રણ વિચારો સાથે થાય, તે જ સાત્વિક દાન કહેવાય છે.
સંતો કહે છે કે **તમારા એક દિવસના ૨૧,૬૦૦ શ્વાસ છે, તો તેનો પણ દશમાંશ ભજન માટે આપો**. ૨,૧૬૦ શ્વાસો ભજનમાં આપો – એટલે કે રોજના ૨ કલાક ૪૦ મિનિટ ભજન કરો. જો દુનિયા માટે કલ્યાણ કરવું છે, તો એ સમય ભજન માટે અર્પિત કરો. જેમ જેમ આપણે જે કાંઈ આપણા પાસે છે, એની યોગ્યતા અનુસાર ઉદારતાથી આપવું જોઈએ.

એક વાર અકાળ પડ્યો. રાજા ખૂબ ધાર્મિક અને સદ્ગુણવાન હતા. રાજપૂરોહિતે કહ્યું – "મહારાજ, હવે અકાળ શરૂ થવાનો છે, તો આપણે તરત જ એક વિશાળ યજ્ઞનું આયોજન કરીએ. આપનું રાજ્ય સમૃદ્ધ છે. જ્યારે આપણે આવા સમયમાં એક વિશાળ યજ્ઞ કરીએ, ત્યારે દેવતા પ્રસન્ન થાય છે અને વરસાદ થાય છે." રાજાએ એક વિશાળ યોજના બનાવી – એક હજાર કુંડોના મહાયજ્ઞ કરવાનો નિશ્ચય કર્યો. રાજા ખૂબ જ સાત્વિક હતો અને રાજ્યમાં તેનો ઘણો પ્રતિષ્ઠિત પ્રભાવ હતો. વેપારીઓ અને ધનાઢ્યોએ પોતાના ભંડાર ખોલી નાખ્યા, જેથી રાજાને ધનની કોઈ પણ ખામી ન રહી. કોઈએ વૃદ્ધ લોકો માટે પાલખીની વ્યવસ્થા કરી, કોઈએ યજ્ઞ કુંડ બનાવ્યા, કોઈએ અન્નભંડાર ભરી દીધા, કોઈએ ભોજનની સંપૂર્ણ વ્યવસ્થા કરી, તો કોઈએ સોનાના બકસાઓ મોકલી દીધા. ન જાણે કેટલાયે લોકો, ઘણાં ઉત્સાહ અને શ્રદ્ધાથી જોડાયા અને મહાયજ્ઞ ખૂબ જ શ્રેષ્ઠ રીતે આયોજિત થયો. સતત ત્રીસ દિવસ સુધી એ યજ્ઞ થયો.
જ્યારે એક માસનો એ યજ્ઞ પૂર્ણ થયો ત્યારે બીજા અનેક રાજ્યોમાંથી લોકો એ યજ્ઞ જોવા માટે આવતા રહ્યા. યજ્ઞની પ્રતિષ્ઠા અને આયોજન એટલું સુંદર અને સાત્વિક હતું કે જ્યારે યજ્ઞની પૂર્ણાહુતિ થઈ, ત્યારે રાજ્યમાં વૃષ્ટિ પણ થઈ ગઈ. બધાને ખૂબ આનંદ થયો, સૌએ અનુભવ્યું કે ખૂબ જ શુભ કાર્ય થયું છે. યજ્ઞ પૂર્ણ થતાં પ્રસાદ વિતરણ થયું. કારણ કે યજ્ઞ ખૂબ મોટો હતો, તેથી રાજ્યની બહાર એક વિશાળ ખુલ્લા મેદાનમાં તેનું આયોજન કરવામાં આવ્યું હતું. આસપાસ અનેક નાના ગામો હતા

અને એ ગામોને ધ્યાનમાં રાખીને એક કેન્દ્રસ્થળ તરીકે મોટી જગ્યા પસંદ કરવામાં આવી હતી.
યજ્ઞ પૂર્ણ થયા બાદ બધાએ નક્કી કર્યું કે હવે આપણે બધાં એકસાથે પાછા જઈશું. કારણ કે એ સમય એવો હતો કે રસ્તામાં જંગલી પશુઓનો ભય હતો, ડાકૂઓનો પણ ખતરો હતો. તેથી બધાંએ નક્કી કર્યું કે એકસાથે ચાલીએ, જેનું ગામ જે જગ્યાએ આવે ત્યાંથી તે નીકળી જાય અને આ રીતે બધા પોતાની જગ્યાએ પહોંચી જશે. યજ્ઞ પૂર્ણ થયા પછી, બપોરે અંદાજે અગિયારથી બાર વાગ્યાના સમયે, બધાં લોકો સાથે મળીને નીકળ્યા.

એ ભીડમાં એક સાધુ મહાત્મા પણ ચાલતા હતા. તેમણે બધાને કહ્યું – "ભાઈઓ, હું એક વાત ઘણી વારથી જોઈ રહ્યો છું, શું તમે પણ જોઇ?" બધાએ પૂછ્યું – "મહારાજ, શું જોયું?" મહાત્માજીએ કહ્યું – "આપણાં ચારે તરફ તો તીવ્ર તડકો છે, પણ આપણે જ્યાં જ્યાં જઈએ છીએ ત્યાં આપણા ઉપર એક વાદળ એ રીતે ચાલે છે કે જે આપણે ઉપર સાવ છાંયો આપતો જાય છે. હું છેલ્લા અડધા કલાકથી આ અનુભવ કરું છું. આપણે ફરીએ તો એ વાદળ પણ ફરી જાય છે. આપણે ચાલીએ તો એ વાદળ ચાલે છે. આપણે ઊભાં રહીએ તો એ પણ ઊભું રહી જાય છે. નિશ્ચિત રીતે, યજ્ઞનારાયણ ભગવાન આપણા પૈકી કોઈકની સેવા પર અત્યંત પ્રસન્ન થયા છે અને એ વાદળ એની છાંયા આપવા માટે સતત એને અનુસરી રહ્યું છે."

ત્યારે બધાએ કહ્યું, "મહારાજ, તમે જ સાધુ છો, આખી ભીડમાં એકજ સાધુ છો તો નક્કી છે કે એ વાદળ તમારી કૃપાથી ચાલી રહ્યું છે. તમારાં પુણ્યના પ્રભાવથી જ આપણને આ છાંયો મળી રહી છે." સાધુએ કહ્યું, "જોજો, મને ખબર છે કે હું એ નથી. આ તો પાક્કી વાત છે કે એ વાદળ મારા લીધે નથી ચાલતું." બધા બોલ્યા, "મહારાજ, તમે કેમ એવું કહો છો? તમે સાધુ છો, તમારા પર યજ્ઞનારાયણ ભગવાનની કૃપા થવી સ્વાભાવિક છે. તમારા લીધે જ એમ થઈ રહ્યું હશે." ત્યારે સાધુએ કહ્યું, "તમને માન્ય નથી તો જુઓ." અને એ ભીડમાંથી છૂટા પડીને અલગ ચાલવા લાગ્યા. થોડા દૂર ગયા અને જોઇને સ્પષ્ટ થયું કે તેઓ તીવ્ર ધૂપમાં પહોંચી ગયા છે. વાદળ તો બાકી લોકોના ઉપર હતું, જ્યારે સાધુજી તો હવે સંપૂર્ણ તડકામાં હતાં. તેમણે કહ્યું, "જો વાદળ મારા કારણે ચાલતુ હોત તો હવે મારા ઉપર આવી જાત, પણ હું તો હવે તડકામાં આવી ગયો છું. એટલે નિશ્ચિત છે કે એ મારાથી નહીં." હવે બધાએ વિચાર્યું, "સાધુજીએ નહીં તો પછી કોણ?" ત્યારે બધાએ કહ્યું, "ભાઇ, જે ફલાણા શેઠજી છે ને, જેમણે બહુ બધું આપ્યું, ઉત્સાહથી સેવા પણ કરી – કદાચ એના કારણે વાદળ ચાલે છે." બધાએ શેઠજીને પૂછ્યું, "કેટલું દાન કર્યું તમે?" શેઠજી બોલ્યા, "મારા પૂર્વજોના સોનાના બક્સાઓ હતાં, મેં બધું આપી દીધું." તો બધાએ કહ્યું, "હા, હવે નક્કી થયું કે એ શેઠજીના કારણે જ છે." પણ શેઠજી પણ ખૂબ વિનમ્રતાથી બોલ્યા, "નહીં ભાઈ, એ તો મારી નાની વાત હતી, એમાં એવું શું થયું?"
બધાએ કહ્યું, "નહીં, નહીં, તમારાં લીધે જ છે, હવે તમે જઇને જુઓ." શેઠજી પણ ચાલ્યા ગયા. થોડાં જ દૂર ગયા, અને તેઓ પણ તડકામાં આવી ગયા. તો એ સ્પષ્ટ થયું કે એ શેઠના કારણે પણ નથી. હવે તો બધાની ઉત્કંઠા વધી ગઈ કે સાધુના લીધે નથી, શેઠના લીધે નથી, તો પછી વાદળ કોના માટે ચાલે છે? આ સંભાળીને બધાએ ફરી ચાલવાનું શરૂ કર્યું, અને જોયું કે હવે ફરી વાદળ ચાલવા લાગ્યું. હવે તો બધાને લાગ્યું કે આ તો ચોક્કસ કંઈક રહસ્યપૂર્ણ છે – કોઈ છે જેના પર ભગવાન યજ્ઞનારાયણ વાદળ મોકલી રહ્યા છે. બધા આશ્ચર્યચકિત થઈ ગયા. હવે બધાએ ઉત્સુકતા સાથે દોડવાનું શરૂ કર્યું. દરેકે જોયું કે પોતાનાં ઉપર તો ધૂપ છે. દરેકે કહ્યું, "મારા કારણે નથી", "મારા કારણે પણ નથી." આમ બધા દોડતા દોડતા છેલ્લે એક વૃધ્ધ સ્ત્રી પાસે પહોંચ્યા – જે ફાટી ગયેલી સાડી પહેરેલી ધીરે ધીરે ચાલતી હતી – એને બધાએ છોડીને આગળ ચાલી ગયા હતા. હવે એ વૃધ્ધા શેષ રહી ગઈ હતી.

ત્યાં સુધી બધા આગળ ધસી ગયા અને બધાંને ધૂપ પડી રહી હતી. હવે બધાએ કહ્યું, "મા, તમે પણ જાઓ, જો તમારાં લીધે વાદળ છે તો ખબર પડી જશે." વૃધ્ધાએ કહ્યું, "મારા કારણે તો શું ચાલશે ભાઈ? હું તો કંઈ કરી પણ નથી શકી, મારા પાસે આપવાનું કંઈ હતું જ નહીં. હું શું આપી શકી? મારા કારણે તો ભગવાન પ્રસન્ન થાય એવું કઈક કરી શકી નથી."
પણ બધાએ કહ્યું, "ના ના, તમે પણ એક વાર જાઓ, જો પછી પણ વાદળ નહીં ચાલે તો બીજું કારણ શોધીશું." વૃધ્ધા માનતી નહોતી, પણ બધાએ તેને પકડીને આગળ લઈ ગયા. અને જ્યારે વૃધ્ધા ગઈ – તો બધાએ જોયું કે વાદળ ફરીથી વૃધ્ધ સ્ત્રીના ઉપર ચાલી ગયું.

હવે બધા લોકો તાપમાં હતા અને વૃધ્ધ સ્ત્રી વાદળની છાંયામાં – હવે તો બધાને સમજાઈ ગયું કે આ બધું તો વૃધ્ધ સ્ત્રીના કારણે થઈ રહ્યું છે. સાધુ મહારાજે દંડવત પ્રણામ કર્યા અને બધા લોકોએ વૃધ્ધ સ્ત્રીને અત્યંત આદર અને શ્રધ્ધાથી જોવા લાગ્યા. સાધુ મહારાજે કહ્યું, "પહેલાં કહો કે તમે શું કર્યું છે?" તો વૃધ્ધા રડી પડી અને બોલી, "મહારાજ, શું પૂછો છો, હું શું કરી શકું? એક ગરીબ વૃધ્ધ સ્ત્રી છું, એકલી છું, મારી પાસે તો કોઇ પરિવાર પણ નથી, કોઇ ધન નથી." સાધુએ કહ્યું, "તે કંઈક તો

આપ્યું હશે?"

તેમણે કહ્યું, "શું આપું? મારા પાસે તો ફક્ત એક ફૂટી કોડી હતી. (કોડી એ સમયની નાનું ચલણી નાણાનું એકમ હતું, જેમાં છિદ્ર હોય એને ફૂટી કોડી કહેવાતી.) એ સિવાય તો મારા પાસે બીજું કંઈ ન હતું."
સાધુએ પૂછ્યું, "તમે બીજું કંઈ કર્યું નથી?" તો બોલી, "બીજું તો શું કરું? રોજ જે ભોજન મળતું હતું એ હું લઈ આવતી હતી પણ એ પણ હું એકલી ખાતી નહિ. એક રોટલી તો હું ખાઈ લેતી હતી, અને પછી જેટલું વધુ મળતું એ રોટલીઓ આસપાસના પશુ-પંખીઓમાં વહેંચી દેતી. આસપાસ ઘણા જાનવર ફરતા હતા, કૂતરા, પક્ષીઓ – કોઈ એમને કંઈ આપતું ન હતું. તો રોજ એમને એ બચેલું ભોજન આપી દેતી."
સાધુ મહારાજે કહ્યું, "તારી સેવા તો સૌથી મોટી છે. આ શેઠજી જેમણે એક સોનાનો પટારો આપ્યો – એ પણ શક્ય છે કે એમની પાસે દસ પટારા હોય અને એમાંથી એક આપ્યો હોય. એ તો પોતાના ભાગની નાની ટકાવારી આપી. પણ તારી પાસે તો ફક્ત એક ફૂટી કોડી હતી અને તે એ એ જ આપી દીધી તે તારું સર્વસ્વ દાન કરી દીધું. અને એટલું જ નહિ રોજ જે તારા ભાગનું ભોજન મળતું હતું, એનામાથી પણ બચાવીને તે પશુ-પંખીઓને તું વહેંચતી હતી. તારી આ સેવા પર જ નારાયણ ભગવાન પ્રસન્ન થયા છે."

ધ્યાનમાં રાખો – **દાનની માત્રાને નહિ, પણ આપનારની ભાગીદારીને જોવાય છે.** કોઈ ૨૦ લાખ રૂપિયા આપે છે, કરોડો આપે છે – પણ જો એના પાસે અણગણીત ધન છે તો એમાં એ દાનનું મૂલ્ય શું? જો કોઈ પોતાની હિસ્સાની નાની ટકાવારી આપે છે તો એમાં મોટાઈ શું?

કુંભમાં એવા લોકો, જેમના પગરખાં પણ ના હોય, જેમના પગે ચૂપ્પલ ન હોય, અને એવા ગરીબ લોકોએ કેટલી શ્રદ્ધાથી બ્રાહ્મણોને દાન આપ્યું. અને બીજી બાજુ મોટા માણસો – મોટી ગાડીઓમાં આવનારા લોકો – બ્રાહ્મણો સાથે ફક્ત થોડી રકમ માટે ઝઘડો કરતાં હોય – એવું પણ કુંભમાં જોવા મળ્યું. આ સમગ્ર વાત શ્રદ્ધાની છે – પોતાનાં ભાગમાંથી કોણ કેટલી રકમ કે વસ્તુ આપે છે, એ દાનનું સાચું મૂલ્ય છે. દાનમાં મહત્વ એનું નથી કે કેટલી મોટી રકમ આપી, પરંતુ ભાવનાનું છે.

એક પ્રસંગ ભગવાન બુધ્દ્નો છે. તેઓ રોજ ભિક્ષા માગવા નીકળતા. એક વૃધ્દ્ સ્ત્રી હતી, ખૂબ જ કઠોર અને ઉગ્ર સ્વભાવની. જ્યારે પણ બુધ્દ્ તેના દ્વાર પર ભિક્ષા માંગવા "ભિક્ષા દેહી" કહીને ઉભા રહેતા, ત્યારે એ સ્ત્રી અંદરથી ગાળો આપતી – "ચાલ આગળ, નકામા માણસ! કોઇ કામ નથી કરતો, રોજ આવીને રોટલી માગે છે." એવું કહીને તે રોજ ગંભીર અપમાન કરી મૂકે. છતાં પણ બુધ્દ્ રોજ ત્યાં જ ઉભા રહેતા. એ વાત જોઇને એક શિષ્યએ પુછ્યું – "મહારાજ, તમે એ ઘરમાં શા માટે જાવ છો? તમને ખબર છે કે એ સ્ત્રી તમને ક્યારેય ભિક્ષા તો આપે નહીં, ઉપરથી ગાળો આપે છે." બુધ્દ્દે હસીને કહ્યું – "એ ગાળો આપે છે ને? એ પણ તો ભિક્ષા છે. જો ભિક્ષા લેવી છે, તો જે મળે એ લેવું – ગાળો મળે એ પણ લઉં છું." એ એક પ્રકારની સમજુતી. આઠ દિવસ સુધી એ સ્ત્રી રોજ ગાળો આપતી રહી, અને બુધ્દ્ ત્યાંથી આગળ વધી જતાં. નવમા દિવસે, બુધ્દ્ ફરીથી એના ઘરના દ્વાર પર પહોંચ્યા. એ વખતે એ સ્ત્રી ચુલો સાફ કરી રહી હતી. એમાંથી જે રાખ નીકળી હતી, એ રાખ તેણે લઈને બુધ્દ્ના પાત્રમાં નાખી દીધી. ગુસ્સાથી કહ્યુ, "લે! લે જાયે રાખ! લે ભિક્ષા!" શિષ્ય ચિંતિત થયો – "અરે! હવે તો આ સ્ત્રી એ પાત્રમાં રાખ નાખી દીધા! હવે પાત્ર પણ ખરાબ થઈ ગયું – હવે એમાં શાક કોણ નાખશે?" પરંતુ બુધ્દ્ તો નાચવા લાગ્યા. વૃધ્દ્ સ્ત્રી અચંબિત થઈ ગઈ – "આ શું? મેં તો ગુસ્સામાં પાત્રમાં રાખ નાખી, અને એ નાચી રહ્યા છે!" શિષ્યે પુછ્યું, "મહારાજ, આ શું? આ તો પાત્ર ખરાબ કરી દે છે, હવે પાણીમાં ધોઈ ધોઈ પાત્ર સાફ કરવું પડશે, અને ભિક્ષા પણ એમાં લઈ ન શકાશે. તમે ખુશ કેમ છો?" બુધ્દ્દે કહ્યું, "તું તો રાખ જુએ છે, પણ હું એની દાન આપવા માટે ઊઠેલી હથેળી જુએ છું. આ સ્ત્રીએ ક્યારેય જીવનમાં કશું આપ્યું નહીં. આજે પહેલી વાર તેના હાથ ઉપર ઊઠ્યા છે – એ આપવાની નમ્રતા આવી છે – એ બહુ મોટી વાત છે."

આ વાત વૃધ્દ્ સ્ત્રીના હૃદય સુધી ધૂસી ગઈ. એ અંદર ગઈ, ઘણું રડી, અને બીજે દિવસે જ્યારે બુધ્દ્ આવ્યા – ત્યારે તેણે રોટલી આપી. એ 'આપવાની આદત' વિકસાવવી એ સૌથી મહત્વપૂર્ણ છે. કેટલું આપ્યું એ મહત્વ નથી – પણ '**આપવાની લાગણી' વિકસાવવી એ જ છે સાચું જીવન.** રોજ કંઈક આપવાની આદત ઊંડે ઊંડે મનમાં સમાવવી જોઈએ. સવારથી સાંજ સુધી – કંઈક તો આપવું જોઈએ. કોઈને આનંદ, કોઈને સ્વચ્છતા, કોઈને સન્માન – કંઈક તો આપવું જોઈએ.

તમે ૨૫ પ્રકારના દાન સાંભળ્યા – તો એમાંથી રોજ કંઈક એક વસ્તુ બીજાને આપવી – એ આપણા જીવનનો સ્વભાવ બની

જવો જોઈએ. દાન આપવું એ આપણું કર્તવ્ય છે – અને એમાં બદલામાં કશું માંગવાનું નથી. જયારે દાન 'દેશ', 'કાલ' અને 'પાત્ર' નું વિચાર કરીને આપવામાં આવે – ત્યારે ભગવાન કહે છે કે એ સાત્વિક દાન બને છે. હવે આગળ ભગવાન રાજસિક દાનની વાત કહે છે.

**17.21**

## યત્તુ પ્રત્યુપકારાર્થં(મ્), ફલમુદ્દિશ્ય વા પુનઃ।
## દીયતે ચ પરિક્લિષ્ટં(ન્), તદ્દાનં(મ્) રાજસં(મ્) સ્મૃતમ્॥૧૭.૨૧॥

પરંતુ જે દાન ક્લેશપૂર્વક તથા પ્રત્યુપકારની અપેક્ષાથી કે ફળને દૃષ્ટિમાં રાખ્યા પછી આપવામાં આવે છે, તે દાન રાજસ કહેવાયું છે.

ભગવાન કહે છે, અર્જુન, જે દાન દયાના સંકોચ અને કષ્ટ સાથે આપવામાં આવે છે, અને બદલામાં કશું મળવાની અપેક્ષા હોય, એવું દાન 'રાજસિક દાન' કહેવાય છે. જેમ કે, જ્યારે કોઇ જાગરણ અથવા ધાર્મિક પ્રસંગ માટે ગલીઓમાં ફાળો માંગવા આવે છે, ત્યારે ઘણાં લોકો ઘરો બંધ કરી દે છે. બહારથી અવાજ આવે છે તો અંદરથી કહેશે, “ઘરમાં નથી, સાંજમાં આવો.” સાંજ પડે તો ફરીથી લોકો આવે છે, ત્યારે કહેવામાં આવે છે – “સાંજમાં ફરી કેમ આવ્યાં? સવારમાં તો એમને ભગાડી દીધા હતા.” હવે કેવી રીતે પાછા મોકલીએ? પતિદેવ બહાર આવે છે, પૂછે છે – “શું જોઈએ?” જવાબ મળે છે – “જાગરણ માટે ફાળો.” કહે છે – “મારા ઘર આગળ કેમ આવ્યાં? મારે તો કશું આપવાનું નથી.” પણ સામે વ્યક્તિ કહે – “શેઠજી, તમે નહીં આપો તો કોણ આપશે? આખા ગલીમાં તમારું નામ છે. આપવું પડે.” પાછલા પ્રયત્નોથી ઘસી ઘસીને દસ રૂપિયાની રસિદ લઈ લે છે. શેઠજી ઘર પાછા જઈને કહે છે – “મોટી મુશકેલથી એ છૂટયું!” આ છે ક્લેશ પૂર્વક દાન. જે આપવું ન હોય, પણ દબાણથી આપવું પડે, એ છે રાજસ દાન.

પછી આવે છે, '**પ્રતિપકારાર્થે**' એટલે કે “મને બ.દલામાં કશું મળશે તો હું દાન કરું.” જેમ કે – “અહીં દાન આપીએ તો મારો ફોટો આવશે”, “અહીં દાન આપીએ તો મારો નામની પાટી લાગશે”, “અહીં દાન આપીએ તો મને મંચ પર માળા પહેરાવવામાં આવશે”, “અહીં દાન આપીએ તો ટ્રસ્ટી બનાવી દેશે.” આ બધું પણ ‘રાજસ દાન’ છે. કોરોનાના સમયમાં ઘણાં લોકોએ ભૂખ્યાંને રોટલી આપી. એમાં પણ કેટલાક લોકોએ રોટલી આપી એટલે કે ફોટો ખેંચાવવા માટે. એટલે કે, 'પ્રતિપકારાર્થે' બદલામાં કશું મળે એવી અપેક્ષા સાથે. અહીં એક વાત ધ્યાન રાખવી – 'પ્રતિપકારાર્થે' દાન કરવું ખરાબ નથી, પણ એ ‘રાજસ’ છે, સાત્વિક નહિ. છતાંય, જે કોઈ દાન કરે છે ભલે તેને બદલામાં કશું મળવાની આશા હોય એ ય કંઈક તો આપે છે. એ નિષ્કામ ન હોય તો પણ, આપનારો શ્રેષ્ઠ છે, ન આપનારા કરતાં વધુ શ્રેષ્ઠ છે – જે કોઈ અપેક્ષા વગર આપે. પરંતુ, **આપનારો જ શ્રેષ્ઠ છે, ન આપનારો નહિ.**

અતઃ સાત્વિક, રાજસિક અને તામસિક દાનની શ્રેણીઓમાં પણ ‘દેનારો હંમેશા શ્રેષ્ઠ’ છે. દેનાર બનવું – આ છે મુખ્ય વાત. તમે ફોટો ખેંચાવીને આપો કે નહિ એ ગૌણ છે. ફોટો ખેંચાવ્યા એટલે રાજસ દાન બની જાય છે, પણ આપવું જરૂરી છે. જેમ દાન ક્લેશપૂર્વક આપવામાં આવે, કે કોઈ લાભની દ્રષ્ટિથી કરવામાં આવે, તો તે રાજસ દાન કહેવાય છે. જેમ કે, "આ કરું તો સ્વર્ગ મળશે", "આ કરું તો પુણ્ય મળશે", "અમાવાસ્યાના દિવસે દાન કરવાથી પુણ્ય મળે છે" આવા મનોબળથી કરવામાં આવેલું દાન રાજસ દાન છે. કારણ કે તેમાં બદલામાં કંઈક મળવાની અપેક્ષા છે.

**17.22**

## અદેશકાલે યદ્દાનમ્, અપાત્રેભ્યશ્ચ દીયતે।
## અસત્કૃતમવજ્ઞાતં(ન્), તત્તામસમુદાહૃતમ્॥૧૭.૨૨॥

જે દાન સત્કાર વિના કે તિરસ્કારપૂર્વક અયોગ્ય દેશકાળમાં અને કુપાત્રને આપવામાં આવે છે, એ દાન તામસ કહેવાયું છે.

**જે દાન યોગ્ય સમય અને યોગ્ય વ્યક્તિના અભાવમાં અપમાનથી ભરેલું હોય, તે દાન તામસિક ગણાય છે.** જેમ કે, ઘર પર કામ કરતી બહેનને ચાલતી વખતે એક સાડી એવી ફેંકી ને કહી દીધું, “લે લઇ જા.” આપી પણ અપમાન સાથે. પૈસા પણ

ક્યારેક ફેંકીને આપી દેવામાં આવે છે, કે કોઈને ચાર લાઇન ઉઠાવીને, અપમાન કરી ને આપવું – "રોજ માગવા આવી જાય છે, શરમ નથી આવતી?" – એવું બોલીને આપવું, તો એ દાન તામસિક છે. **ભવિષ્યમાં જયારે પણ આપો ત્યારે ધ્યાન રાખો કે જે ને આપી રહ્યા છો તેનું દિલ ન દુભાય. કોઇનું અપમાન ન થાય – એ ધ્યાનમાં રાખી અને સન્માન સાથે આપો.** તુલસીદાસજી લખે છે –

**तुलसी पञ्छी के पिए, घटे न सरिता नीर।**
**दान दिए धन न घटे, जो सहाय रघुवीर।।**
**पानी बाढ़े नाव में, घर में बाढ़े दाम।**
**दोऊ हाथ उलीचिए, यही सयानो काम।।**
**कद ऊँचा तो कर लिया, ऊँचे रखो विचार।**
**दान धर्म जो न किया, जीवन है बेकार।।**

અર્થાત્, જેમ નદીમાં પાણી પીવાથી ઘટતું નથી, તેમ દાનથી ધન કદી ઘટતું નથી – રઘુવીર (ભગવાન) તે ખજાનાને સંભાળે છે. દરેક સજ્જન માટે આ કાર્ય છે બંને હાથ ખોલીને આપો. **જો ઉંચુ પદ મેળવ્યું છે તો એનો ઉપયોગ કરવો જોઈએ, દાન અને ધર્મના કાર્યમાં. નહિતર જીવન વ્યર્થ છે**. દાન કરવું એ ખૂબ જ મહત્વપૂર્ણ વાત છે. આપણે ઉપર 25 પ્રકારના દાન જોયા. પણ યાદ રાખો, ફક્ત 25 જ નથી દાનના અસંખ્ય પ્રકારો હોઈ શકે. આપણા જીવનમાં જે શક્ય છે તે આપવાનું આપણું કર્તવ્ય છે. ભગવાને આપણને દેનાર બનાવ્યો છે, આપણને આ પદ પર બેસાડ્યો છે, આપણને બે હાથ આપ્યા છે – છતાંય આપણે હજુ પણ માગવા વાળા બનીએ, "હે ભગવાન વધુ આપો" – એવું કરીએ, તો તે યોગ્ય નથી. દેનાર તરીકે બેસાડ્યા પછી પણ જો આપણે માગીયે તો ભગવાન કહે, " તું તો હજુ માંગતો જ રહી ગયો?" ત્યારે ભગવાન કહી બેસે કે તને જ્યાં બેસાડેલો છે ત્યાં નહીં, તારે તો હજી પણ ભિક્ષુકની લાઇનમાં જ ઊભા રહેવાનું છે.

**ધ્યાન રાખો – ભૂખ્યા અને રોગી માટે દેશ, કાળ, પાત્રનો વિચાર નહીં કરવો. ભલે તે નિકૃષ્ટ હોય, તો પણ તેને ભોજન આપો, દવા આપો.**

ઘણા લોકો દૂર દૂર જતા હોય છે – દાન કરવા મંદિર, આશ્રમ – ત્યાં આપવું સહેલું લાગે છે. પણ ઘરમાં જે કામ કરે છે, પાડોશી, કર્મચારીઓ, વગેરે, એમને આપવું વધુ મુશ્કેલ લાગે છે. જ્યારે ઘરના નોકર માટે સાડી લાવીએ ત્યારે કહીએ – "પછી તું રજા ન માગીશ" એટલે કે દાન પછાત અપેક્ષા સાથે આપેલું છે. એ ખોટી વાત છે. આપીને બદલામાં કંઈક અપેક્ષા રાખવી આ હલકી ભાવના છે. મોટી વાત એ છે આપણાં આજુબાજુનાં લોકો જે આપણી સેવા કરે છે, આપણી સાથે રહે છે એ બધાં જ આપના દાનના પહેલા હકદાર છે. દૂર કોઈ મંદિરમાં દાન આપવું સરળ છે, પરંતુ ઘરના કામદારોને આપવું ખરેખર કઠિન લાગે છે. પણ સાચું દાન એ જ છે. મારી પાસે જે છે, એ મેં જ ન બનાવ્યું ક્યારેય પણ એવું ન માનવું કે "હું તને આપી રહ્યો છું", "મારું દાન છે", "મારો ઉપકાર છે" એવું નહિ વિચારવું હું તો ફક્ત માધ્યમ છું. એ મારામાંથી પસાર થઈને તારી પાસે ગયું છે. એટલે ઉપકાર દર્શાવવાનો પણ નહિ.

**17.23**


## ॐ तत्सदिति निर्देशो, બ્રહ્મણસ્ત્રિવિધઃ(સ્) સ્મૃતઃ।
## બ્રાહ્મણાસ્તેન વેદાશ્ચ, યજ્ઞાશ્ચ વિહિતાઃ(ફ્) પુરા॥૧૭.૨૩॥

ૐ, તત, સત્ - આ ત્રણ પ્રકારનું સચ્ચિદાનંદઘન બ્રહ્મનું નામ કહેવાયું છે, તેનાથી જ સૃષ્ટિનાં આરંભે બ્રાહ્મણો, વેદો તથા યજ્ઞ આદિ રચાયા.

ભગવાન અર્જુનને કહે છે – "ૐ તત્સત્" – આ ત્રણ શબ્દો છે સચ્ચિદાનંદ ઘન બ્રહ્મના સ્વરૂપના નામ. અને ઈશ્વરે આ નામોથી જ બ્રાહ્મણો, વેદ અને યજ્ઞ આ સૃષ્ટિમાં શરૂ કર્યા છે. હવે ભગવાન અહીં એક નવો વિષય શરૂ કરે છે. આગળના શ્લોકોમાં – એટલે કે 23, 24, 25 અને 26માં – ભગવાન "ૐ"ની વ્યાખ્યા કરે છે. "ૐ તત્ સત્" – આ ત્રણ પદ છે.

"**ૐ**" – એનો મૂળમાં કોઈ સ્વતંત્ર એક અક્ષર નથી. આપણા સંસ્કૃત ભાષાના શબ્દોને પ્રણવ ('**બ્રહ્મ**') કહેવામાં આવે છે એટલે કે '**શબ્દ બ્રહ્મ**'. "ૐ" એ "અ", "ઉ" અને "મ" – આ ત્રણ અક્ષરોને મળાવીને બને છે. જ્યારે આપણે ઘંટ વગાડીએ છીએ, ત્યારે છેલ્લે જે અવાજ ઊભરાય છે, એ અવાજ "ૐકાર"ની મૂળ ભાવના છે. જ્યારે આપણે ૐ બોલીએ છીએ, ત્યારે પણ અંતે જે ધ્વનિ ઊઠે છે, અને જ્યારે ઘંટ વાગે ત્યારે પણ જે તનાવ આવે છે – એ બંનેમાં સમાનતા હોય છે.

આ 'ૐકાર'ની ધ્વનિ – **આ સૃષ્ટિની પ્રથમ ઉત્પત્તિ છે. ભગવાન જ્યારે સૃષ્ટિ રચના કરે છે, ત્યારે સૌથી પહેલું જે ઉત્પન્ન થાય છે એ છે 'ૐકાર'**. એટલે કે પ્રથમ જે શબ્દ ઊભો થાય છે – એ "ૐ". બાઇબલ અને અન્ય ધર્મગ્રંથોમાં પણ 'શબ્દ'ને 'બ્રહ્મ' તરીકે ગણવામાં આવ્યો છે. બાઇબલમાં વાક્ય છે, "In the beginning of the world, there was only Word." પ્રારંભમાં માત્ર 'શબ્દ' હતો. અને એ જ 'Word' જગતમાં ફેરવાયો એટલે કે તે 'શબ્દ' જ 'જગત' બન્યો. એ 'Word' જ અસ્તિત્વનું મૂળ છે.આકાશમાં 'શબ્દ' રહેલો છે. પંચમહાભૂતોમાં સૌપ્રથમ તત્ત્વ છે – આકાશ. અને આકાશની તન્માત્રા છે – 'શબ્દ'.
'શબ્દ'ની ઉત્પત્તિ થાય છે ટકરાવથી. જ્યાં સુધી ઘર્ષણ કે ટકરાવ નહિ થાય, ત્યાં સુધી શબ્દ ઉત્પન્ન નહિ થાય. આપણા અવાજ પણ ત્યારે જ ઊભો થાય છે જ્યારે આપણાં કણ્ઠની અંદરની 'વોકલ કોર્ડ્સ' એકબીજાની સામે ઘસાઈને ટકરાય છે. તમે ધ્યાનથી જુવો તો આપના કંઠમાં બે કોર્ડ્સ હોય છે, જે ટકરાતા હોય છે. જ્યાં ઘર્ષણ નહિ થાય, ત્યાં અવાજ નહીં થાય. **આકાશ અને વાયુ વચ્ચે જે ઘર્ષણ થાય છે, ત્યાંથી શબ્દનું સર્જન થાય છે.** ફક્ત આકાશમાં અવાજ નહિ થાય. પરંતુ જ્યારે વાયુ અને આકાશનો સંપર્ક થાય છે, ઘર્ષણ થાય છે – ત્યારે શબ્દ ઊભો થાય છે. આકાશ અને વાયુના મંથનથી જળ ઉત્પન્ન થાય છે. અને જયારે આ ઘર્ષણમાં ઉચ્ચ અવાજ થાય છે – ત્યારે અગ્નિ ઉત્પન્ન થાય છે. આ રીતે **આખી સૃષ્ટિની ઉત્પત્તિ – 'ૐકાર' અને 'શબ્દ'ના આદિકારણથી જ થાય છે. આ છે સૃષ્ટિની શરૂઆતની પ્રથમ ક્રિયા.**




હવે આપણે વાત કરીએ – અ, ઉ, મ અને 'હલંત' છે. આ ચાર વર્ણોની એક ખૂબ ઊંડી વૈજ્ઞાનિક વ્યાખ્યા છે; અ, ઉ, મ અને અંતમાં 'હલંત'.
**અ – એટલે અકાર**
**ઉ – એટલે ઉકાર**
**મ – એટલે મકાર**
**અને જે નીચે ધારી આવે છે – તેને કહેવાય 'હલંત'**

**અકાર** – શબ્દ 'વૈખરી' એટલે કે સ્થૂળ છે. આ **અવાજ કંઠથી ઊઠે છે** – એટલે કે સ્થૂળ અવાજ. જેમ કે બ્રહ્મા – જે જાગૃત અવસ્થાના દેવતા છે. આ અવસ્થાનું કાર્ય છે ઉત્પત્તિ. અહીં કર્મેન્દ્રિયો સક્રિય હોય છે. તેનો ગુણ છે – રજોગુણ.

**ઉકાર** – જે **હૃદયમાંથી ઉચ્ચારી શકાય છે**. તમે પોતે અનુભવ કરો, "ઉ" ઉચ્ચારો – તો હૃદયમાંથી અવાજ ઊઠે છે. આ અવાજ "મધ્યમા" અવસ્થાનો હોય છે – એટલે કે સૂક્ષ્મ સ્તર. બ્રહ્માના સ્થૂળ અવાજ પછી ઉકાર છે – જે ભાવે, સ્પર્શે અને દૃષ્ટિથી વ્યક્ત થાય છે. બોલીને તો સંદેશો મોકલી શકીએ, પણ ક્યારેક આંખોથી, સ્પર્શથી પણ વાત કહી શકીએ છીએ. જેમ કે કોઈનું હાથ દબાવવું – "ચુપ રહો", "કશું કહીશ નહિ" – એ પણ વાત કહેવી જ છે. અહીં શબ્દ નહીં, પણ ભાવના છે – આ "ઉકાર" છે. વિષ્ણુ – જે સ્વપ્નાવસ્થાના દેવતા છે. આ સ્થિતિનું કાર્ય છે – પુષ્ટિ. અહીં જ્ઞાનેન્દ્રિયો કાર્ય કરે છે. આ અવસ્થાનો ગુણ છે – સત્ત્વગુણ. એટલે કે જે વાતો બોલીને કહેવી પડે એ કરતાં જે ભાવથી, અભિવ્યક્તિથી, દૃષ્ટિથી કહી શકાય એ વધુ ઉત્તમ ગણાય.

**મકાર** – પશ્યંતી અવસ્થા. આ **અવાજ નાભીમાંથી ઊઠે** છે. આ અવસ્થામાં તો માત્ર સંકલ્પથી જ કાર્યો થાય છે. પહેલાં જેવી બાબતો બોલીને કરવી પડે, પછી સંકેતથી કરવી પડે – હવે અહીં માત્ર વિચારી લો અને કાર્ય થઈ જાય.

સંતો અને સિદ્ધ પુરુષો સાથે આવું જ હોય છે – તેઓ માત્ર સંકલ્પ કરે છે અને કાર્ય સિદ્ધ થાય છે. એ સ્થિતિ "મકાર" છે. આ રીતે **ૐકારના ત્રણ અવયવ – અકાર (કંઠ, સ્થૂલ, બ્રહ્મા), ઉકાર (હૃદય, મધ્યમ, વિષ્ણુ), મકાર (નાભિ, પશ્યંતી, સંકલ્પ)** – અને છેલ્લે

**હલંત** – એ દરેક અવસ્થાનું અનુસંધાન છે, અને દરેકનું તત્ત્વ જુદું છે.

આ ૐકાર – માત્ર એક ધ્વનિ નથી – એ સમગ્ર બ્રહ્માંડના સચેતન અને ત્રૈગુણ્યમય કાર્યપ્રવાહનું તત્ત્વ છે.

સ્વામી રામતીર્થ એક મહાન સત્પુરુષ હતા. એક દિવસ તેઓ જંગલમાં એકાંતમાં બેસેલા હતા. ત્યાં શાંત બેસેલા બેસેલા એમના મનમાં વિચાર આવ્યો કે “થોડી લીંબુની શિકંજી પીધી હોય તો કેવું સારું!” માત્ર મનમાં સંકલ્પ થયો. આશ્ચર્યની વાત એ છે કે અડધા કલાક પછી એક શેઠજી હાથે થેલી લઈને આવ્યા, જેમાં લીંબુ, ખાંડ અને લોટો હતો. તેઓ બોલ્યા, “મહારાજ, આજે મને અચાનક વિચાર આવ્યો કે તમે જંગલમાં બેસો છો, આજે તમને લીંબુની શિકંજી પીવડાવું ”

સ્વામી રામતીર્થ હસ્યા અને કહ્યું, “તારા મનમાં નહિ આવ્યો ભાઈ, બટન ક્યાંક બીજે દબાયું છે, તે સંકેત તારી અંદર આવ્યો છે. લીંબુ મૂકી દે, અને હવે તું જા.” સ્વામીજીએ પોતાના મનમાં થયેલા આ ભોગસંકલ્પથી પીડિત અનુભવીને કહ્યું કે, “આ તો ગડબડ છે. મારા મનમાં આવા સંકલ્પ ઊઠે અને બીજા પર તેનો પ્રભાવ પડે એ યોગ્ય નથી. હવે પછી આવું થવા નહિ દઈશ.” શેઠજી કહે, “મહારાજ, લાવ દઈ દઉં શિકંજી બનાવી?” સ્વામીજીએ કહ્યું, “નહીં, હું પાછળથી પીશ. એમણે તે થેલીમાંના બધા લીંબુ પોતાના પાસે રાખ્યા. પછી એક મહારાજે એક પછી એક બધા લીંબુ ગંગાજીમાં ફેંકી દીધા.

અહી સમજવાનું એ છે કે, **માત્ર સંકલ્પથી જ સિદ્ધિ થાય છે.** આપણા બધાના જ જીવનમાં એવું બને છે – જેમ કે મનમાં વિચાર આવે કે “ગીતા શીખવી છે,” અને કોઈ લિંક આવી જાય, કોઈને કહ્યું પણ નહિ, કોઈ ઈશારો પણ નહિ – માત્ર મનમાં સંકલ્પ થયો અને ઘટનાએ પોતે માર્ગ બનાવી દીધો. એ છે મકાર તત્ત્વ. મકાર અવસ્થામાં દેવતા છે શંકર, અવસ્થા છે સુપ્તિ, કાર્ય છે સંહાર, કારણ છે અંતઃકરણ, અને ગુણ છે તમસ.

અને છેલ્લું તત્ત્વ છે – હલંત. આ તત્ત્વને 'પરા' કહેવાય છે. પરા એટલે સંકલ્પથી પણ પર. આ અવસ્થા “અનુભવમય” છે. જેમ કે જ્ઞાનેશ્વર મહારાજ જ્યારે ચાંગદેવજી સિંહ પર આવી રહ્યાં હતા, ત્યારે જ્ઞાનેશ્વરજી બોલ્યા – “એ દીવાલ, તું ચાલ.” અને એ નિર્જીવ દીવાલ જીવંત બનીને ચાલવા લાગી. આ છે પરા અવસ્થા. આ પરા અવસ્થાની સ્થિતિ છે – શૂન્ય. તેના અધિષ્ઠાન દેવ છે – પરબ્રહ્મ. **આ તુરીય અવસ્થા છે. તુરીય એટલે કે જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિથી પણ પર અવસ્થા. ન તો વ્યક્તિ જાગે છે, ન તો ઊંઘે છે, ન તો સપનામાં હોય છે** – પણ સમાધિ જેવી અવસ્થામાં સ્થિર રહે છે. તુરીય અવસ્થામાં કાર્ય છે અસ્તિત્વ, કારણ છે સત્તા, અને આ ગુણત્રયોથી – સત્ત્વ, રજસ, તમસ – પણ પર હોય છે.

ૐકાર એ સરળ નહિ, અતિ મહત્વપૂર્ણ છે. એ દરેક શબ્દથી, દરેક અક્ષરથી પર છે. એ શબ્દ પણ છે, વર્ણ બ્રહ્મ પણ છે. ભગવાન કહે છે – “ૐ તત્ સત્” – આ ત્રણ પદો છે સચ્ચિદાનંદ ઘન પરબ્રહ્મના ત્રિરૂપ અને એથી જ સમગ્ર સૃષ્ટિની શરૂઆત થાય છે.

"ॐ તત્ સત્" – આ ત્રણ પદો છે બ્રહ્મના ત્રિરૂપ નામો. જ્યારે આપણે સમગ્ર ભગવદ્ગીતાના અધ્યાયો વાંચીએ છીએ, ત્યારે દરેક અધ્યાયના અંતે એક પાઠ આવે છે – જેને પુષ્પિકા કહે છે. જેમ કે: "ॐ તત્ સત્ ઇતિ શ્રીમદ્ ભગવદ્ગીતા સૂપનિષત્સુ બ્રહ્મવિધ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુન સંવાદે અમુક અધ્યાય..." આ વાક્યો ભગવાન શ્રીકૃષ્ણે નહિ પણ મહર્ષિ વેદવ્યાસે લખેલા છે. આ અંતિમ વાક્યમાં પણ "ॐ તત્ સત્" આવે છે. શા માટે આવતું હોય છે? કારણ કે ભગવાન કહે છે – કોઈપણ કાર્ય, યજ્ઞ, દાન, તપ – આ બધું જ્યારે કરવામાં આવે ત્યારે તેના આરંભમાં "ॐ તત્ સત્" બોલવું જોઈએ. જો કંઈક અધૂરું રહી જાય, ભુલ થઈ જાય, તો ભગવાન એને પૂરી કરે છે. એટલે તમે જોશો કે મોટા મોટા મહાત્માઓ, પંડિતો જ્યારે પ્રવચન પૂરુ કરે છે, ત્યારે અંતે કહે છે – "હરી ॐ તત્ સત્ – આજે એટલું જ. હવે ભગવાન બાકી બધું સંભાળે."

**17.24**

**તસ્માદોમિત્યુદાહૃત્ય, યજ્ઞદાનતપઃ(ખ્) ક્રિયાઃ।**
**પ્રવર્તન્તે વિધાનોક્તાઃ(સ્), સતતં(મ્) બ્રહ્મવાદિનામ્॥૧૭.૨૪॥**

માટે વેદમંત્રોનું ઉચ્ચારણ કરનારા શ્રેષ્ઠ માણસોની, શાસ્ત્રવિધિથી નિયત થયેલી યજ્ઞ, દાન અને તપરૂપી ક્રિયાઓ સદા 'ॐ' એ પરમાત્માના નામનું ઉચ્ચારણ કરીને જ શરૂ થાય છે.

ભગવાન કહે છે – "ॐ તત્ સત્" – આ ત્રણ પદો સચ્ચિદાનંદ સ્વરૂપ બ્રહ્મના નામરૂપ છે. આનો અર્થ શું છે? જેનાથી યજ્ઞ, દાન, તપ વગેરે કર્મનો પ્રારંભ થાય છે. જે બ્રાહ્મણો, યજ્ઞકર્તાઓ, વિદ્વાનો વેદમંત્રોનો ઉચ્ચાર કરે છે – તેઓ આ યજ્ઞ-તપ-દાન વગેરેનું આરંભ "ॐ" થી કરે છે.

જેમ અંગ્રેજીમાં 26 અક્ષરો હોય છે – A થી Z સુધી – પણ જો કોઈ એક 'H' પકડી લે અને કહે કે "મારું બધું તો હવે H છે", તો ગડબડ થઈ જાય. H એક અક્ષર છે – બધા આલ્ફાબેટ નથી. એવું જ ઘણા લોકો કરે છે – કોઈ કહે "હું વૈષ્ણવ છું, એટલે માત્ર વિષ્ણુને જ માનું છું", કોઈ કહે "હું શૈવ છું એટલે માત્ર શિવજી", કોઈ દુર્ગાજીને, તો કોઈ ગણેશજીને. એટલે લોકો એક અક્ષર પકડી લે છે અને સમગ્ર બ્રહ્મતત્ત્વને ભૂલી જાય છે. **જેમ ગજેન્દ્રએ જ્યારે દુઃખમાં ભગવાનને પ્રાર્થના કરી ત્યારે તેણે 'વિષ્ણુ' શબ્દ ન કહ્યો. તેણે 'તત્' કહેલું. છતાં પણ ભગવાન વિષ્ણુ પ્રગટ થઈ ગયા**. કેમ? કારણ કે 'તત્' બોલતી વખતે એમની અંતઃકરણમાં જે ભાવના હતી, એ 'વિષ્ણુ'ની હતી. એટલે 'તત્'થી જ ભગવાન વિષ્ણુ આવ્યા.

ઉપનિષદોએ પણ 'તત્'ને પરમ બ્રહ્મના રૂપે વ્યાખ્યાયિત કર્યું છે. અનેક ઉપનિષદોમાં પ્રથમ મંત્ર હોય છે –

**ॐ પૂર્ણમદઃ પૂર્ણમિદં પૂર્ણાત્ પૂર્ણમુદચ્યતે ।**
**પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષ્યતે ।**

આ પૂર્ણ છે, તે પૂર્ણ છે. પૂર્ણમાંથી પૂર્ણ કાઢો, તો પણ પૂર્ણ રહે છે. પૂર્ણમાં વધુ ઉમેરો, તો પણ પૂર્ણ રહે છે. તમે યાદ કરો – જો શૂન્યમાં તમે કંઈક ઉમેરો, ઘટાડો, ગુણાકાર કરો કે ભાગાકાર કરો – તો પણ તે શૂન્ય જ રહે છે. શૂન્યમાં અડધું કાઢો તો પણ શૂન્ય જ બચે છે. શૂન્યમાં વધુ શૂન્ય ઉમેરો તો પણ શૂન્ય જ રહે છે. એ શૂન્ય એટલે પૂર્ણ. એ જે કશું ઘટાડવા, ઉમેરવા છતાં અક્ષુણ રહે – એ પૂર્ણતાનું લક્ષણ છે.
એટલે જ
**"ॐ તત્ સત્" એ માત્ર ત્રણ શબ્દ નથી, પણ એ બ્રહ્મસ્વરૂપ છે, જે સંપૂર્ણ સત્યનું, ચૈતન્યનું અને આનંદનું રૂપ છે.**

**17.25**

**તદિત્યનભિસન્ધાય, ફલં(યઁ) યજ્ઞતપઃ(ખ્) ક્રિયાઃ।**

## દાનક્રિયાશ્ચ વિવિધાઃ(ખ્), ક્રિયન્તે મોક્ષકાઙ્ક્ષિભિઃ॥૧૭.૨૫॥

તત્ એટલે 'તત્' નામથી ઓળખાતા પરમાત્માનું જ આ સઘળું છે – એવા ભાવ સાથે ફળને લક્ષમાં ન રાખતાં અનેક પ્રકારની યજ્ઞ - તપરૂપી ક્રિયાઓ, તેમજ દાનરૂપી ક્રિયાઓ કલ્યાણની ઈચ્છા રાખનારા માણસો દ્વારા કરવામાં આવે છે.

"તત્" એટલે જે આપણે ભગવાનના રૂપમાં માન્ય છે.

તમે તેને શ્રીરામ માનો કે શ્રીકૃષ્ણ, શિવ માનો કે દુર્ગા, વિશ્નુ માનો કે ગણેશ – જે કંઈ પણ સ્વરૂપ કે ભક્તિભાવ આપણે માનીએ છીએ એ બધું "તત્" છે. એમ પણ કહેવામાં આવ્યું છે કે ઉપાસક પોતે જેરૂપ ધારણ કરે છે તે મુજબ તેમને ભગવાન અનુભૂતિ આપે છે. પણ આ "તત્" સ્વરૂપો છે, સંકેતો છે – જે અનિત્ય છે.શંકરાચાર્યજી કહે છે:

**एको ब्रह्म द्वितीयो नास्ति**

અર્થાત્, એક માત્ર બ્રહ્મ છે, બીજું કંઈ નથી.

જે યજ્ઞ, તપ, દાન વગેરે કૃત્ય કરવામાં આવે છે, તે જો પરમાત્માને સમર્પિત ભાવથી કરવામાં આવે તો એ ફળદાયક બને છે. જ્યારે એ બધા કાર્ય "સદ્ભાવે", "સાધુભાવથી", શ્રદ્ધાથી અને સત્યતાથી થાય છે, ત્યારે તેને "સત્" કહેવાય છે. પરમાત્મા, સચ્ચિદાનંદ રૂપ બ્રહ્મને ઈશારો કરતો સંકેત છે:

**"ૐ" = તત્ત્વરૂપ પૂર્ણતા**
**"તત્" = સંકેતરૂપ આરાધ્ય**
**"સત્" = સત્યરૂપ ચૈતન્ય**

એટલે જ જ્યારે કોઈ પણ કાર્ય પૂર્ણ થાય ત્યારે કહેવાય છે: "**હરી ૐ તત્ સત્**" કારણ કે આ બોલતાં જ બધું પૂર્ણ થઈ જાય છે, કંઈ પણ બાકી રહેતું નથી.

આ રીતે, આ ત્રિ-શબ્દો દ્વારા બ્રહ્મ તત્ત્વ, આત્મ તત્ત્વ અને સર્વ તત્ત્વની સમગ્રતા વ્યાખ્યાયિત થાય છે.

**17.26**

## સદ્ભાવે સાધુભાવે ચ, સદિત્યેતત્પ્રયુજ્યતે।
## પ્રશસ્તે કર્મણિ તથા, સચ્છબ્દઃ(ફ્) પાર્થ યુજ્યતે॥૧૭.૨૬॥

સત્ – એ પ્રમાણે આ પરમાત્માનું નામ સત્યભાવમાં અને શ્રેષ્ઠભાવમાં પ્રયોગ થાય છે. તથા હે પાર્થ ! ઉત્તમ કર્મોમાં પણ સત્ શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે.

પછી આવે છે "સત્" – જે તૃતીય પદ છે. "સત્"નો અર્થ થાય છે સત્ય અને સદાય રહેતું તત્ત્વ. શાશ્વત અને અવિનાશી.
"સત્"નાં બે અર્થ છે –
1. **સત્ત્વ** – જે કદી નાશ પામતું નથી, હંમેશાં અચળ રહે છે.
2. **સત્ય** – જે ધ્રુવ છે, યથાર્થ છે, અચલ છે.
અહીં ઉપમાનું મહત્વપૂર્વક ઉલ્લેખ થાય છે: જો આપણે શૂન્ય (૦) માંથી અડધું કાઢી લઈએ, તો પણ શું બચે? શૂન્ય. અથવા શૂન્યમાં વધુ શૂન્ય ઉમેરો, તો પણ શૂન્ય જ રહેશે. કારણ કે શૂન્ય એટલે પૂર્ણતા. જેમ શૂન્યમાંથી કંઈ પણ કરો, એનાં તત્ત્વમાં ફેરફાર નહિ થાય, તેમ જ "ૐ તત્ સત્" એ બ્રહ્મસ્વરૂપ ત્રિતત્ત્વ છે – જે કદી બદલાતા નથી.

**17.27**

**યજ્ઞે તપસિ દાને ચ, સ્થિતિઃ(સ્) સદિતિ ચોચ્યતે।**
**કર્મ ચૈવ તદર્થીયં(મ્), સદિત્યેવાભિધીયતે॥૧૭.૨૭॥**

તથા યજ્ઞ, તપ અને દાનમાં જે સ્થિતિ (નિષ્ઠા) છે, તે પણ 'સત્' કહેવાય છે. એ પરમાત્માને નિમિત્ત કરવામાં આવેલું કર્મ તો નિશ્ચિતપણે 'સત્' કહેવાય છે.

જ્યારે આપણે સારા લોકોની સાથે વાત કરીએ, તેમની સંગતમાં બેસીએ, ત્યારે એ બની જાય છે સત્સંગ. જ્યારે આપણે સારા કર્મો કરીએ, સારા કાર્ય કરીએ, ત્યારે એ બની જાય છે સત્કર્મ. કોઈ પણ સારી બાબત હોય – એમાં "સત્" જોડાઈ જાય છે. સારી ભાવના હોય – તો એ સત્ થઈ જાય છે. જે વાતમાં પણ શ્રેષ્ઠતા હોય, સત્ય હોય, ભલાઈ હોય – એ બધું સત્ છે.
**કારણ કે જે કંઈ પરમાત્માનું અંશરૂપ છે – તે બધું સત્ છે. એટલેથી જ્યારે આપણે બોલીએ છીએ: "હરી ૐ તત્ સત્", ત્યારે એવો ભાવ થાય છે કે – બધું આમાં આવી ગયું.**

પણ આ બધું હોય છતાં – જો તેમાં શ્રદ્ધા ન હોય – તો એ કાર્ય સફળ થતું નથી. જે ભગવાન આગળ સમજાવે છે.

**17.28**

**અશ્રદ્ધયા હુતં(ન્) દત્તં(ન્), તપસ્તપ્તં(ઙ્) કૃતં(ઞ્) ચ યત્।**
**અસદિત્યુચ્યતે પાર્થ, ન ચ તત્પ્રેત્ય નો ઇહ॥૧૭.૨૮॥**

હે પાર્થ! વગર શ્રદ્ધાએ કરાયેલો હવન, દીધેલું દાન, આચરેલું તપ અને જે કંઇ પણ કરવામાં આવેલું શુભ કર્મ છે - એ સઘળું 'અસત્' કહેવાય છે, માટે એ ન તો આ લોકમાં લાભદાયક છે કે ન તો મર્યા પછી.

**"યજ્ઞ, તપ, દાન" – એ બધાંમાં "સત્" છે, પણ જો એ પરમાત્માને અર્પિત ભાવથી, શ્રદ્ધા પૂર્વક કરવામાં ન આવે – તો તેનું કલ્યાણફળ મળતું નથી**. અર્જુને ભગવાનને પ્રશ્ન પૂછ્યો હતો – "મારી શ્રદ્ધા કઈ છે?"
અને એનો ઉત્તર ભગવાન અહીં આપે છે: "જે યજ્ઞ, તપ, દાન શ્રદ્ધા વગર કરવામાં આવે છે, એ બધું અસત્ ગણાય છે. એનામાં કોઈ શુભ ફળ નથી. એ ન તો આ લોકમાં લાભ આપે છે, ન તો પરલોકમાં."

**અત: દાન હોય કે તપ, યજ્ઞ હોય કે અન્ય કોઈ પણ ધાર્મિક કાર્ય – જો તે શ્રદ્ધા વગર કરાશે, તો તેમાં કોઈ પુણ્ય નથી. શ્રદ્ધા છે – તો અધૂરી વાત પણ પૂર્ણ બની જાય છે. પણ જો શ્રદ્ધા નહીં હોય – તો સંપૂર્ણ કર્મ પણ અધૂરું રહી જાય છે.**

અહીં વિવેચન પૂર્ણ થઇ પ્રશ્નોતરી શરૂ થાય છે.

**પ્રશ્નોત્તરી સત્ર**

**પ્રશ્નકર્તા: નટવર લાલજી**
**પ્રશ્ન**: આપે અધિકારના દાનની વાત કરી હતી. પરંતુ તેનો દુરુપયોગ થવાની શક્યતા બહુ વધારે લાગે છે. હવે કરવું શું?
**ઉત્તર**: હા, ઘણી વાર એવી સ્થિતિ થાય છે કે કેટલાક અધિકાર ત્યજી શકાય તેમ નથી. હવે તમે કહો, જુઓ કે વિવેક તો દરેક સ્થળે જાગૃત રાખવો પડે. હવે જો કોઇ પોતાનો બધો જ પૈસો ઉઠાવીને પોતાના સંબંધીઓના નામે કરી દે અને વૃદ્ધાવસ્થામાં મુશ્કેલીમાં આવી જાય, તો એ વિવેકની ખામી કહેવાય. અહીં **અધિકાર ત્યાગની વાત નથી. અધિકારનો ત્યાગ કરો તો પહેલા નાના અધિકારોથી શરૂઆત કરો**. વિવેક તો ભગવાને આપ્યો છે, આપણે કોઇ એવું ન કરશું કે પોતાને નુકસાન થાય. હા, જ્યાં અપમાન કે માનની વાત હોય, ત્યાં આપણે પછાત રહી શકીએ. એમાં કોઈ દુરુપયોગ થતો નથી.
જુઓ, વૃદ્ધાવસ્થાએ પહોંચી જતા પોતાની બધી મિલકત ક્યારેય બાળકોના નામે કરવી નહીં. અંતિમ ક્ષણ સુધી પોતાનું બધું સ્વતંત્ર રાખવું. થોડી થોડી રકમ જેમ તેમને આપવી હોય તેમ આપતા રહેવું. પણ એમ ન બને કે પોતાના બાળકો પાસે માગવાનું પડે. એ વ્યવસ્થા તો સૌએ રાખવી જોઇએ. એ વિવેકની વાત છે.

**પ્રશ્નકર્તા: સંતોષજી**

**પ્રશ્ન**: આપણે કોઈ તીર્થસ્થળ કે ભંડારામાં જઈએ અને ત્યાં આપણે કાંઈક દાન કરીએ, તો પોતે પણ ત્યાં ભોજન લેવું જોઈએ કે નહીં? કોઈ કહે છે કે જેમના પાસે ઉપાધિ હોય તેમને ભંડારાનું ભોજન લેવું નહિ જોઈએ, તેમાં દોષ લાગે ?

**ઉત્તર**: જેટલું શક્ય હોય તેટલું ટાળવું લાભદાયક છે. પણ ઘણી વાર સંબંધ હોય છે, વ્યવહાર હોય છે, જરૂરિયાત હોય છે, ત્યારે લેવું પડે. ઘણી એવી જગ્યાએ ગયા હોઈએ જ્યાં બીજું ભોજન મળતું જ ન હોય તો હોટલમાં જઈને જમવા કરતાં મંદિરનું જ ભોજન સારું. ક્યાંય જવાય અને મંદિરનું પ્રસાદ મળતો હોય તો લઈ લેવો. હોટલના ભોજન કરતાં એ વધારે શુદ્ધ હોય છે પછી એ મંદિરને જેટલું બને તેટલું દાન આપવું.

**પ્રશ્નકર્તા: શ્વેતા જી**

**પ્રશ્ન**: અમારા ગુરુજીએ કહ્યું છે કે ૐનો જાપ કરવો. મારા પતિ પણ ત્રણ વખત કરે છે.

**ઉત્તર**: જો તમારા ગુરુજી શાસ્ત્રવિદ હોય અને શાસ્ત્રને જાણનારા હોય અને તેમણે આજ્ઞા આપી હોય તો તમને કોઈ દોષ લાગતો નથી. જેમ તેઓ કહે, તેમ જ કરો.

**પ્રશ્ન**: પણ જો તેઓ શાસ્ત્રવિદ ન હોય?

**ઉત્તર**: તો તેમની વાત વિશે વિચાર કરવો જોઈએ.

**પ્રશ્ન**: શાસ્ત્રને જાણનારા છે, ખૂબ જ જ્ઞાની છે.

**ઉત્તર**: તો પછી વિચાર કરવાની જરૂર નથી. ગુરુની આજ્ઞા હોય ત્યારે વિચાર કરવો નથી.

**પ્રશ્નકર્તા: ડૉ. પ્રમોદજી**

**પ્રશ્ન**: આપણે માંસાહાર કરીએ છીએ, તો એ યોગ્ય છે કે નહીં? કારણ કે એમાં આપણે કોઈના હૃદયને ઈજા કરીએ છીએ.

**ઉત્તર**: જો તમે માંસાહાર કરો છો તો એથી એવું નથી કે તમે ભગવાનની ભક્તિ ન કરી શકો. આવું ક્યાંય શાસ્ત્રમાં લખ્યું નથી. તમે ભગવાનનું નામ લઈ શકો છો, ભગવાનના શાસ્ત્રો વાંચી શકો છો, ગીતા વાંચી શકો છો. એવું નથી કે તમે ભૂલ કરી હોવાથી હવે સારા કર્મ કરી નથી શકો. એવું ક્યાંય નથી. અને જો તમારામાં ભાવ આવે કે હવે છોડવું છે, તો ભગવાન એ વાત તમારા માટે કરાવશે. આપણે જેટલું વધુ ગીતા સાથે, ભગવાન સાથે રહીશું, એટલું આપણું સંકલ્પ વધારે મજબૂત થશે. તમે નિશ્ચયથી ગીતા વાંચો, નામજાપ કરો.

**પ્રશ્ન**: સાચા ગુરુ કોણ હોય જે સાચી રીતે ભગવદ્ગીતા સમજાવે?

**ઉત્તર**: આવું નથી કે ભારતમાં માત્ર એક જ વ્યકિત છે કે જે સાચી રીતે ગીતા સમજાવે. પૂજ્ય સ્વામીજી જેવા અનેક મહાત્માઓ છે – જે ગીતા વિદ્વાન છે, જે શાસ્ત્ર પર આધારિત ગીતા સમજાવે છે.

જો તેઓ ચિન્મય મિશનના હોય, ગીતા ભવનના હોય, ગીતા પ્રેસના હોય, વૃંદાવનના હોય – બધા મહાન સત્પુરુષો છે જેમણે ઉપનિષદ, બ્રહ્મસૂત્ર વગેરે શાસ્ત્રો વાંચ્યા છે, એ જ ગીતા સાચા અર્થમાં સમજાવી શકે છે. આજકાલ કેટલાક લોકો મેનેજમેન્ટ અથવા બીજી દુન્યાવી વાતો સાથે ગીતા જોડે છે – તે સાચી ગીતા નથી. તમે આજે જે સત્ર સાંભળ્યું, એથી તમારા માટે યોગ્ય પાત્રતા ઊભી થાય છે. એકદમ ઊંચા સ્તરે સીધા જશો તો કદાચ ટર્મિનોલોજી સમજાવામાં મુશ્કેલી થાય. માટે, આમ ધીરે ધીરે સંભળતા રહો, આગળ વધી જશો.

**પ્રશ્નકર્તા: મનાલીજી**

**પ્રશ્ન**: હું યોગા શિક્ષિકા છું. હવે પતંજલિ યોગસૂત્રમાં કહેલું છે કે ઓમકાર જાપ કરવો જોઈએ, જેમ કે ૧૧ વાર, ૨૧ વાર કરવો. તો હવે મેં પહેલાથી જ સ્ટૂડન્ટ્સને શીખવવાનું શરૂ કરી દીધું છે. ક્યારેક કહીએ છીએ કે છાતી પર હાથ રાખીને કરો, ક્યારેક કશુંક બીજું. તો શું આ યોગ્ય છે કે નહીં?

**ઉત્તર**: તમે જાપ શીખવી રહ્યાં નથી, તમે ઓમકારનો પ્રણવ ઉચ્ચાર શીખવી રહ્યાં છો. એ જાપ નથી કહેવાતો. જાપનો અર્થ છે મંત્ર લઈને માળાની સાથે નિયમસર કરવો. યોગ સાથે જોડાયેલો એ ઓમકારનો પ્રણવ ઉચ્ચાર કહેવાય છે. એટલે તમે આ કામ ચોક્કસ રીતે કરી શકો છો. એ સંપૂર્ણ યોગ્ય છે.

**પ્રશ્નકર્તા: રેવતિજી**

**પ્રશ્ન**: જો આપણે માળા લઈએ અને ઓમના જાપ કરીએ તો એ યોગ્ય છે કે નહિ?

**ઉત્તર**: જો તમે યોગા કરો છો અને ગીતા ભણો છો અને તમે 'ઓમ શ્રી પરમાત્મને નમ:' તરીકે બોલો છો તો એ યોગ્ય છે. પણ

જો માત્ર 'ૐ' એમ ૨૧ વાર ઉચ્ચાર કરો છો, તો એ માળાના જાપ માટે નહિ, પણ શ્વાસ નિયંત્રણ (પ્રાણાયામ)ના ભાગરૂપે હોય છે. એટલે જેમ તમારી સાધના, તમારી ક્રિયા મુજબ હોય, એ રીતે કરો. પ્રાણાયામનો ભાગ હોય તો ચોક્કસ કરી શકો.

**પ્રશ્નકર્તા: કામિનિજી**

**પ્રશ્ન**: ત્રીજું એ છે કે – જેમ આપણા પૂર્વજ હોય, જેમ કે મારા સાસુ-સસરા. તેમનું અવસાન થઈ ચૂક્યું છે. અને તેમનો ફોટો ઘરમાં મૂકેલો છે. ભગવાનને નમસ્કાર કરતા પહેલા તેમને પણ નમસ્કાર કરીએ છીએ.
કોઈએ કહ્યું કે પૂર્વજનો ફોટો ઘરમાં મૂકશો તો તેમને મુક્તિ નહિ મળે. એ સાચું છે કે ખોટું?
**ઉત્તર**: એ બધું ખોટું છે, ફક્ત ફોકટની વાત છે. એવું નથી કે તમારાથી કોઈની મુક્તિ અટકાઈ શકે. ભક્તિથી ભગવાન તમને એટલી શક્તિ આપે છે કે તમે કંઈક નવું ઊભું કરી શકો. પરંતુ પૂર્વજોના ફોટા ઘરમાં રાખવાથી કોઈ નુકસાન થતું નથી. એકદમ શાંતિથી રાખી શકો છો.

**॥ૐ શ્રીકૃષ્ણાર્પણમસ્તુ॥**

## ૐ તત્સદિતિ શ્રીમદ્ભગવદ્ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં(યૂઁ) યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે શ્રદ્ધાત્રયવિભાગયોગો નામ સપ્તદશોઽધ્યાયઃ॥૧૭॥

આ રીતે ૐ, તત્, સત્-એ ભગવાનના નામોના ઉચ્ચારણ સાથે બ્રહ્મવિદ્યા અને યોગશાસ્ત્રમય શ્રીમદ્ભગવદ્ગીતોપનિષદરૂપી શ્રીકૃષ્ણાર્જુનસંવાદમાં "શ્રદ્ધાત્રયવિભાગયોગ" નામનો સત્તરમો અધ્યાય પૂરો થયો. ॥૧૭॥

---



અમે માનીએ છીએ કે તમને ચર્ચાની રચના વાંચીને આનંદ થશે. કૃપા કરીને નીચેની લિંકનો ઉપયોગ કરીને અમને તમારો પ્રતિસાદ આપશો.

**https://vivechan.learngeeta.com/feedback/**

**વિવેચન-સારાંશ વાંચવા માટે આભાર.**
અમે સર્વે ગીતા સેવકો, અનન્ય ભાવ સાથે પ્રયાસ કરીએ છીએ જેથી વિવેચનનો સાર તમારા સુધી શુદ્ધ સ્વરૂપે પહોંચે, છતાં પણ ભાષા કે વ્યાકરણ સંબંધી કોઈ ભૂલ હોય તો તે માટે અમે ક્ષમાપ્રાર્થી છીએ.

---

**જય શ્રી કૃષ્ણ!**
સંકલન: ગીતા પરિવાર - રચનાત્મક લેખન વિભાગ

---

**દરેક ઘરમાં ગીતા દરેક કરમાં ગીતા!**
Let's come together with the motto of Geeta Pariwar, and gift our Geeta Classes to all our Family, friends & acquaintances

**https://gift.learngeeta.com/**

---

ગીતા પરિવારની આ એક નવી પહેલ છે. હવે તમે વિવેચનોના યુટ્યુબ વિડીયો તેમજ પીડીએફ જોઈ તથા વાંચી શકો છો. કૃપા

કરીને નીચે આપેલ લિંકનો ઉપયોગ કરો.

**https://vivechan.learngeeta.com/**

---

**॥ગીતા શીખો, શીખવો, જીવનમાં ઉતારો॥**
**||ॐ શ્રીકૃષ્ણાર્પણમસ્તુ ||**